૩૨૪

# આદિવાસી મહિલા કલ્યાણ યોજનાઓ

(એક મૂલ્યાંકન અભ્યાસ)

: અહેવાલ લેખન :
ડૉ. રેખા કે. મહેતા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦ ૦૧૪
૧૯૯૬

૩૨૯

અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નંબર |
| --- | --- | --- |
| ૧. | મૂલ્યાંકનની ભૂમિકા | ૧ થી ૯ |
| ૨. | અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા | ૧૦ થી ૧૪ |
| ૩. | લાભાર્થીઓ અને તેમના કુટુંબો | ૧૫ થી ૨૬ |
| ૪. | આદિવાસી મહિલા કલ્યાણ યોજનાઓનો યથાસ્થિત અહેવાલ. | ૨૭ થી ૩૩ |
| ૫. | નિષ્કર્ષ અને સુઝાવ | ૩૪ થી ૪૦ |

## પ્રકરણ – ૧

## મૂલ્યાંકનની ભૂમિકા

**પ્રાસ્તાવિક :**

ગુજરાતમાં પોતાની આગવી વિશિષ્ટતાઓ ધરાવતી ૨૯ જેટલી અનુસૂચિત જનજાતિઓ વસે છે. આ લોકો વર્ષોથી દૂર દૂરના જંગલો તેમજ પહાડી પ્રદેશોમાં વસતા હોવાને કારણે વિકાસની કક્ષામાં પાછળ રહી ગયા છે. તેમની અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરતા સ્પષ્ટપણે જણાય છે કે તેઓ મુખ્યત્વે ખેતી અને ખેતમજૂરી કરી જીવનનિર્વાહ કરે છે. જમીન નાના નાના ટુકડાઓમાં વહેંચાયેલી છે. કેટલાકની પાસે તો જમીન પણ નથી. બહુ ઓછા લોકો પૂરતી જમીન ધરાવે છે. તેઓ સખત મજૂરી અને મહેનત કરે છે. પરંતુ ખેતીના અવિકસિત સાધનો, સિંચાઈની અપૂરતી સગવડ, ખેતીની જૂનીપુરાણી પધ્ધતિ તેમજ ખેતી અંગેના વૈજ્ઞાનિક જ્ઞાન અને તાલીમ-નદ અભાવ વગેરેને કારણે તેઓ પૂરતુ ઉત્પાદન મેળવી શકતા નથી。

આદિવાસીઓની અર્થવ્યવસ્થા મોટેભાગે નિભાવલક્ષી (
) હોય છે. જરૂરિયાત પૂરતું જ ઉત્પાદન થતું હોવાથી ખાસ બચત થતી નથી. પરિણામે તેમણે અનિવાર્યપણે પૂરક આવક મેળવવા માટે અન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવી પડે છે, પૂરક આવક મેળવવા માટે અનુસૂચિત જનજાતિના લોકો પશુપાલન, ખેતમજૂરી, કૃષિ અને ઘર ઉપયોગી ચીજ-વસ્તુઓ બનાવવાના હુન્નર ઉદ્યોગો, જંગલમજૂરી તેમજ જંગલમાંથી મળી આવતી ગૌણ પેદાશો એકઠી કરવી. વગેરે પ્રવૃત્તિઓ કરે છે. આ બધા કાર્યો મોટેભાગે સ્ત્રીઓ જ કરતી હોય છે. આટલી બધી મહેનત કરે છે ત્યારે માંડ તેઓ પેટ પૂરતું ખાવાનું મેળવી શકે છે. આવી તેમની આર્થિક પરિસ્થિતિ છે. અનુસૂચિત જનજાતિઓનો શૈક્ષણિક વિકાસ પણ પૂરતો થયો નથી. એમાય સ્ત્રીઓમાં તો શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.

૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજ્યની કુલ વસ્તી ૪૧૩.૦૯ લાખની છે. તે પૈકી અનુસૂચિત જનજાતિની વસ્તી ૬૧,૬૧,૭૭૫ (૧૪.૯૨ %) છે. તેમાં ૩૧,૩૧,૯૪૭ (૫૦.૮%) પુરુષો છે અને ૩૦,૨૯,૮૨૮ (૪૯.૨ %) સ્ત્રીઓ છે. એટલે કે સ્ત્રી- પુરુષ પ્રમાણમાં બહુ તફાવત નથી.

આઝાદીબાદ અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે પ્રયત્નો શરૂ થયા. આ લોકોના વિકાસ અંગે સ્વ. પંડિત જવાહરલાલ નહેરૂએ કહેલી વાત યાદ રાખવા જેવી છે. તેમણે જણાવેલુ કે, '' આદિવાસીઓનો વિકાસ થાય તે જરૂરી છે, પણ તેમ કરતાં તેઓ તેમના જીવન અને સંસ્કૃતિ કે જે તેમને બીજાઓથી અલગ પાડે છે, તેનો આનંદ ગુમાવી ન બેસે તે જોવાનુ છે.'' આપણે તેમને સુધારવાના નથી પણ તેમનો વિકાસ કરવામાં તેમને મદદરૂપ થવાનુ છે. આઝાદીબાદ ભારતમાં સમાજવાદી સમાજની સ્થાપના કરવાનું લક્ષ્ય રહ્યું છે. એવો સમાજ કે જેમાં દરેક વ્યક્તિ સુખી હોય, પ્રસન્ન હોય, ભારતના નવા બંધારણમાં સામાજિક કલ્યાણની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રજાસત્તાક ભારતમાં નવું બંધારણ ઘડાયુ, તેમાં પછાત વર્ગના ઉત્કર્ષ માટે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી. બંધારણની કલમ -૪૬ માં દર્શાવ્યા મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારને નબળા વર્ગોની શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષની જવાબદારી સોંપવામાં આવી છે, તે મુજબ રાજ્યે પ્રજાના નબળા વર્ગોમાંના અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે ખાસ વ્યવસ્થા કરેલ છે. આ અભિગમ હેઠળ સમાજના તમામ નાગરિકોને સમાન તક અને મૂળભૂત અધિકારોની જોગવાઈ કરેલ છે. રાજ્ય સરકારે પછાત વર્ગોના અને નબળા વર્ગોના હિતોની વૃધ્ધિ માટે વિવિધ પ્રકારની યોજનાઓ અને જોગવાઈઓ કરેલ છે. અનુસૂચિત જનજાતિઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સમતોલ અને સર્વાંગી વિકાસ માટે સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. અનુસૂચિત જનજાતિઓની ગરીબી દૂર થાય અને તેઓ અન્ય નાગરિકોની હરોળમાં ઊભા રહી માન અને ગૌરવભર્યુ જીવન જીવતા થાય તેવી પરિસ્થિતિ ઊભી કરવા સરકાર કૃતનિશ્ચયી છે. કેન્દ્ર સરકાર પણ કેટલીક યોજનાઓમાં આર્થિક નાણાકીય જોગવાઈઓ પૂરી પાડે છે. આમ, આઝાદીબાદ ભારતના બંધારણમાં સામાજિક કલ્યાણની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યે પ્રજાના નબળા વર્ગોમાંના અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે ખાસ વ્યવસ્થા કરવાની રહે છે. આ માટે ૧૯૫૨માં ૨ જી ઓક્ટોબરે કોમ્યુનિટિ ડેવલપમેન્ટ અને નેશનલ એક્સટેન્શન પ્રોગ્રામ અમલમાં મૂકયો અને ૧૯૫૫માં જયાં આદિજાતિનો વસવાટ છે તેના સંકલિત વિકાસ માટે પ્રાયોગિક ધોરણે બ્લોકની શરૂઆત થઈ. પરંતુ આના ધાર્યા પરિણામો ન મળતાં છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આ સમૂહ ઉપર વધારે ધ્યાન અપાય તે માટે વિસ્તાર અને જાતિને ધ્યાનમાં રાખી ચાર વિભાગો-માં વિભાજિત કરવામાં આવ્યા છે. જેથી વિકાસ કાર્યક્રમોનો સઘન ઉપયોગ થઈ શકે.

આ ચાર વિભાગો નીચે મુજબ છે.

(૧) આદિવાસી સંકલિત વિસ્તાર
(આદિજાતિ પેટા યોજના વિસ્તાર)

(૨) લઘુ વિસ્તાર

(૩) આદિમજુથો

(૪) છૂટાછવાયા આદિવાસીઓ.

આ જાતિનો રાજ્ય સરકારે પણ અમલ કર્યો છે.

છઠ્ઠી પંચવર્ષીય યોજના સુધી આ બધા વિસ્તારોમાં વિવિધ કલ્યાણ યોજનાઓ ચાલતી હતી. પરંતુ હજુ સુધી અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓ માટે કોઈ ખાસ યોજનાઓ હતી નહિ. આમેય પહેલેથી જ સમાજમાં સ્ત્રીઓની અવગણના થતી આવી છે. એમાંય આદિવાસી સ્ત્રીઓની કોણ દરકાર કરે ! જો કે મહાત્મા ગાંધી પછાતવર્ગના લોકોને અને આદિ-વાસીઓને આગળ લાવવા જીંદગીભર ઝઝુમ્યા. અને તેમાંય સ્ત્રીઓની ઉન્નતિ માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા. આદિવાસી સ્ત્રીઓના ઉત્કર્ષ માટે પણ તેઓએ અનેક પ્રયત્નો કરેલા. એના પરિણામે કેટલીક આદિવાસી સ્ત્રીઓ ખરેખર આગળ આવી છે.

આઝાદીબાદ બંધારણમાં નબળા વર્ગના લોકોમાં અનુસૂચિત જનજાતિ માટે જોગવાઈઓ કરવામાં આવી તે આપણે આગળ જોયું. અનુસૂચિત

જનજાતિની સ્ત્રીઓ માટે કેટલીક યોજનાઓ મોડી મોડી પણ શરૂ થઈ. સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન અનુસૂચિત આદિજાતિના વિકાસ અંગેના કાર્યકારી જૂથ દ્વારા ભલામણ કર્યા પ્રમાણે ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારોમાં ખાસ કરીને સ્ત્રીઓના વિકાસ પરત્વે વિશેષ ધ્યાન આપવાની જરૂરતને પિછાની છે. અને સમાજના સંતુલિત વિકાસ માટે આયોજિત પ્રયત્નો શરૂ કર્યા છે.

<u>મૂલ્યાંકન શામાટે ?</u>

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં ચાલતી મહિલા કલ્યાણ યોજનાઓના મૂલ્યાંકન માટે એક અભ્યાસ હાથ ધરવાનું સૂચવવામાં આવ્યું હતું. સામાન્ય રીતે યોજનાઓનું મૂલ્યાંકન એટલે કોઈપણ યોજના શરૂ કરવામાં આવે ત્યારે તે દ્વારા લોકોને જે સહાય અને તાલીમ આપી જે તે કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવે અને અમુક સમય પછી તેની અસરો શું થઈ તે તપાસી તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે તે. જેમકે અનુસૂચિત જનજાતિની મહિલાઓને માટે કેવી કલ્યાણ યોજનાઓ છે અને તેમાં તેમને કઈ રીતે તાલીમ અને સહાય આપવામાં આવે છે. તે યોજનાઓનો બહેનોએ કેટલો લાભ લીધો છે. તેમના જીવન પર તેની શી અસર થઈ, એટલે કે તેનાથી તેમને શું લાભ થયો કે ગેરલાભ થયો તે જાણવાનો આશય આવા અભ્યાસ પાછળ છે. ગુજરાત રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં અનુસૂચિત જનજાતિની મહિલાઓ વસે છે. અત્યાર સુધીના કામનુ પરિણામ શું આવ્યું તે જાણવા માટે આ મૂલ્યાંકન અભ્યાસ જરૂરી છે.

અભ્યાસના હેતુઓ :

આ અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

(૧) આદિવાસી મહિલાઓ માટેની કલ્યાણ યોજનાના અમલની સમીક્ષા કરવી.

(૨) આ યોજનાઓ દ્વારા કઈ રીતે તાલીમ અને સહાય આપવામાં આવે છે.

(૩) આ યોજનાઓને કારણે લાભાર્થી એટલે કે આદિવાસી સ્ત્રીઓને કંઈ લાભ થયો છે કે કેમ ? તેમની આર્થિક સ્થિતિ સુધરી છે કે કેમ ? તે જાણવું.

(૪) યોજનાના અમલીકરણમાં કોઈ મુશ્કેલી કે સમસ્યા છે ? બહેનોને તાલીમ કે સહાય લેવામાં કોઈ મુશ્કેલી છે ?

(૫) એ મુશ્કેલીઓ અને સમસ્યાઓને હલ કઈ રીતે કરી શકાય. એ અંગેના સુચનો રજુ કરવા.

<u>અભ્યાસનું ક્ષેત્ર</u> :

આ અભ્યાસ માટે અનુસૂચિત જનજાતિના નીચે મુજબના મુખ્ય જિલ્લાઓમાંથી પ્રાયોજના કચેરીઓ પાસેથી મહિલા કલ્યાણ યોજના અંગે માહિતી મંગાવવામાં આવી હતી.

(૧) દાહોદ (પંચમહાલ જિલ્લો)
(૨) ખેડબ્રહ્મા (સાબરકાંઠા જિલ્લો)
(૩) પાલનપુર (બનાસકાંઠા જિલ્લો)
(૪) છોટાઉદેપુર (વડોદરા જિલ્લો)
(૫) રાજપીપળા (ભરૂચ જિલ્લો)
(૬) વાસદા (વલસાડ જિલ્લો)
(૭) આહવા (ડાંગ જિલ્લો)
(૮) સોનગઢ,માંડવી (સુરત જિલ્લો)

આ બધા જિલ્લાઓમાંથી કેટલાક જિલ્લાના જવાબ જ નથી આવ્યા જ્યારે ખેડબ્રહ્મા (સાબરકાંઠા) અને આહવા (ડાંગ) પ્રાયોજનામાં આદિવાસી મહિલા કલ્યાણ પ્રવૃત્તિ ચાલતી જ નથી તેવો જવાબ મળ્યો. આ પરથી સ્પષ્ટ થાય છે કે બધા જિલ્લાઓમાં હજુ આદિવાસી મહિલા કલ્યાણ પ્રવૃત્તિ ચાલતી નથી. યોજનાઓનો અમલ હજુ બધા જિલ્લામાં થયો નથી. મહિલાઓના વિકાસ પ્રત્યે હજુ પણ કેટલુ દુર્લક્ષ સેવાય છે ? અને તે પણ આદિવાસી મહિલાઓના વિકાસ માટે. માત્ર દાહોદ (પંચમહાલ) અને

સોનગઢ તેમજ માંડવી (સુરત) પ્રાયોજનામાં આદિવાસી મહિલા કલ્યાણ યોજનાઓ ચાલતી હોવાથી તે અંગે માહિતી મળેલ છે. એ રીતે દાહોદ તેમજ સોનગઢ પ્રાયોજના વિસ્તારને અભ્યાસ માટે પસંદ કર્યો છે.

<u>આદિવાસી મહિલા કલ્યાણ યોજનાઓ</u> :

આમ તો આદિવાસી મહિલા માટે કલ્યાણ યોજનાઓ ઘણી છે જે નીચે મુજબ છે.

(૧) મહિલા શીવણ તાલીમવર્ગ
(૨) ઊની ગાલીચા તાલીમવર્ગ
(૩) મહિલા સંમેલન
(૪) મહિલા ખેડૂત શિબિર
(૫) આરીજરી-ભરતકામ તાલીમવર્ગ
(૬) એમ્બ્રોયડરી તાલીમવર્ગ
(૭) દવા સારવાર તાલીમવર્ગ
(૮) પડીયા-પતરાળા તાલીમવર્ગ
(૯) હોસ્ટીન ગાય યોજના.
(૧૦) આર.આઇ.આર. પક્ષી એકમ યોજના.
(૧૧) કાંકરેજ ગાય યોજના.
(૧૨) દેશી ગાય યોજના.
(૧૩) બતક એકમ યોજના.
(૧૪) હાયબ્રીડ ટામેટા યોજના.
(૧૫) પરવળ-ગીલોડાની યોજના.
(૧૬) કેળના પીલા
(૧૭) સસલા યુનિટ
(૧૮) ચાર વ્હીલ લારી
(૧૯) અનાજ દળવાની ઘંટી.
(૨૦) મંડપ
(૨૧) દુકાન

(૨૨) લુઝ કેબિન
(૨૩) દૂધાળા ઢોર (ભેંસ)ની યોજના.
(૨૪) ઝીંક-ઝાક મશીન.

આ બધી યોજનાઓમાંથી અભ્યાસ માટે શીવણવર્ગ, ઊની ગાલીચા તાલીમ, પડીયા-પતરાળા તાલીમ અને દૂધાળા ઢોર (ભેંસ)ની યોજના એમ ચાર યોજનાઓ લીધી છે.

અભ્યાસના એકમોની પસંદગી :

સોનગઢ અને દાહોદમાં પ્રાયોજના કચેરીથી કલ્યાણ યોજનાના તાલીમાર્થી અને લાભાર્થીની યાદી મેળવી જુદા જુદા ગામોમાં ફરી ક્ષેત્રકાર્ય દરમ્યાન લાભાર્થીઓને મળીને માહિતી એકત્રિત કરી. દરેક યોજનાના દસ દસ લાભાર્થીઓ પસંદ કર્યા. શીવણ તાલીમ વર્ગની યોજનામાં બંને પ્રાયોજનામાં હતી. તેમાં પંદર પંદર એટલે બંનેના મળી કુલ ૩૦ લાભાર્થીઓ પસંદ કરેલા છે. અભ્યાસમાં કુલ ૬૦ લાભાર્થીઓ લીધા છે.

કોઠા નં. ૧

અભ્યાસ હેઠળની યોજનાઓ તથા લાભાર્થીઓ.

| ક્રમ | યોજનાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ઊની ગાલીચા | ૧૦ |
| ૨. | પડીયાપતરાળા | ૧૦ |
| ૩. | દૂધાળા ઢોર | ૧૦ |
| ૪. | શીવણ તાલીમ વર્ગ | ૩૦ |
| | કુલ | ૬૦ |

અભ્યાસની પ્રવિધિઓ :

અભ્યાસમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ જળવાઈ રહે તે માટે જુદી જુદી સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગ્રંથાલય ઉપરાંત ક્ષેત્રકાર્ય દરમ્યાન મુલાકાત અનુસૂચિ અને નિરીક્ષણ વગેરે પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

<u>ગ્રંથાલય</u> :

શરૂઆતમાં અભ્યાસ અંગે સામાન્ય માહિતી તેમજ જાણકારી પ્રાપ્ત કરવા ગ્રંથાલયના પુસ્તકો, અહેવાલો તેમજ નિબંધો વગેરે વાંચ્યા હતા.

<u>અનુસૂચિ</u> :

ક્ષેત્રકાર્ય દરમ્યાન કુલ ૬૦ લાભાર્થીઓને મળીને અનુસૂચિ ભરવામાં આવી હતી. જેમાં લાભાર્થીઓ વિષે સામાન્ય માહિતી, તેમની કૌટુંબિક, શૈક્ષણિક, આર્થિક તેમજ આરોગ્ય વિષયક માહિતી અનુસૂચિ દ્વારા એકત્રિત કરવામાં આવી હતી. આ ઉપરાંત કઈ કલ્યાણ યોજનાની તેણે તાલીમ લીધી છે. તેમાં કેટલી સહાય મળી, તેમાં કોઈ મુશ્કેલી પડેલી, તેમના વિસ્તારમાં કેવી યોજના સફળ બની શકે, કલ્યાણ યોજના વિષે તેમનો અભિપ્રાય તેમજ તેમના જીવન પર સમાચારપત્રો, સામયિકો, રેડિયો, ટેલિવિઝન જેવા સંદેશાવ્યવહારના સાધનોની કેવી અસર છે. જાહેરજીવનમાં તેમની કેટલી ભાગીદારી અને ભૂમિકા છે. વગેરે મુદ્દાઓ વિષે અનુસૂચિમાં જુદા જુદા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. અને તેના દ્વારા લાભાર્થીઓ વિષે માહિતી એકત્રિત કરવામાં આવી છે.

<u>મુલાકાત</u> :

ક્ષેત્રકાર્ય દરમ્યાન કેટલાક લાભાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત કલ્યાણ યોજનાઓ વિષે માહિતી મેળવવા માટે પ્રાયોજના અધિકારી તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ, ગામના આગેવાનો, કાર્યકરો, યોજનાના સંચાલકો વગેરેની મુલાકાત લઈ વિષયને અનુરૂપ માહિતી એકત્ર કરવામાં આવી હતી.

<u>નિરીક્ષણ</u> :

લાભાર્થીઓના રહેઠાણ, રહેણીકરણી, રીતભાત, વગેરેનું નિરીક્ષણ કરી જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તાલીમવર્ગ ચાલુ હોય ત્યારે પણ તેમની મુલાકાત લઈ તેમના કાર્યનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમકે ઊની ગાલીચા અને શીવણ તાલીમ વર્ગનું કામકાજ ચાલુ હતું

ત્યારે કાર્ય કરતી બહેનોનું નિરીક્ષણ કરી માહિતી એકત્ર કરી. આમ, આ અભ્યાસમાં જુદી જુદી સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

<u>અભ્યાસનું મહત્વ</u> :

આઝાદી બાદ આદિવાસીઓના વિકાસ માટે ઘણા પૈસા ખર્ચાયા છે. અનેક યોજનાઓ અને કલ્યાણ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ સ્ત્રીઓ માટે બહુ જ ઓછું કામ થયું છે. અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે બધા જ જિલ્લાઓમાં કલ્યાણ યોજનાઓ ચાલતી જ નથી. એ પરથી ખ્યાલ આવે છે કે સ્ત્રીઓની કેટલી ઉપેક્ષા થઈ રહી છે. એમાંય અનુસૂચિત જનજાતિની મહિલાઓ પ્રત્યે બિલકુલ ધ્યાન આપવામાં આવ્યું નથી, પ્રસ્તુત અભ્યાસથી અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓના કલ્યાણ માટે શું શું થઈ રહયું છે અને તેમાં શું મુશ્કેલી છે અથવા હજુ કેટલું કરવાનું બાકી છે તેનો ખ્યાલ આવી શકે છે. તેમના આસપાસના વાતાવરણ અને પરિસ્થિતિ મુજબ ત્યાં કેવી યોજનાઓ અમલમાં મૂકવાથી સારા પરિણામ લાવી શકાય તે જાણવાથી અને તે મુજબ કરવાથી આ લોકોને પણ લાભ થાય અને સરકારના ખર્ચેલા પૈસા લેખે લાગે તે માટે આવો અભ્યાસ થાય તે જરૂરી છે અને મહત્વનું પણ છે.

## પ્રકરણ - ૨

## અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા

અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટેની કલ્યાણ યોજનાઓનો અભ્યાસ કરતાં પહેલાં તેમના સમાજમાં તેમનું કેવું સ્થાન છે અને તેમની ભૂમિકા કેવી છે તે જાણવું જરૂરી છે.

અનુસૂચિત જનજાતિઓમાં આમ તો કુટુંબમાં પુરુષોનું સ્થાન જ મહત્વનું અને વર્ચસ્વવાળું હોય છે. પણ એનો અર્થ એ નથી કે આ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન નીચું છે કે તેમનું કશું મહત્વ નથી. સ્ત્રી – પુરુષ સમાનતાની સુધરેલો સમાજ વાત કરે છે. પણ સુધરેલા કહેવાતા બિન-આદિવાસી સમાજમાં જે સમાનતા કેળવી નથી શકયા તે સમાનતા આજે પણ આદિવાસી સમાજમાં પ્રવર્તે છે. આદિવાસીઓમાં પુત્રીને બોજારૂપ ન ગણતાં પુત્ર જેટલું જ મહત્વ આપવામાં આવે છે. તેમજ જે આદિવાસીઓમાં ખંધાડપ્રથા (ઘરજમાઈ) છે તેમાં ખંધાડ લાવનાર પુત્રીને પિતાની મિલકત-માંથી ભાગ મેળવવાનો અધિકાર છે. આમ, કુટુંબમાં એટલે કે સામાજિક દ્રષ્ટિએ સ્ત્રીઓનું મહત્વ છે. આ પરથી એવું લાગે છે કે નજીકના ભૂતકાળમાં કદાચ આ સમાજમાં માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા હોવી જોઈએ. આ ઉપરાંત આ સમાજમાં જીવનસાથીની પસંદગી અને સ્વેચ્છાએ છૂટાછેડાની બાબતમાં છોકરો અને છોકરી બંનેને તેમના સમાજે સરખા હકકો બક્ષ્યા છે. આમ, સામાજિક દ્રષ્ટિએ આદિવાસી સ્ત્રીનું જીવન ઘણું મોકળાશભર્યું છે. તે તેના જીવનસાથીને પસંદગી કરવા સ્વતંત્ર છે. લગ્ન કરવા સ્વતંત્ર છે, છૂટાછેડા લેવા સ્વતંત્ર છે. તેને વિધવાની યાતના ભોગવવી પડતી નથી. વિધવા સ્ત્રી પુનઃલગ્ન કરી શકે છે. તે મેળામાં મુકત રીતે મહાલી શકે છે. આનંદથી નૃત્ય કરી શકે છે. ખેતરમાં પોતાના પતિ સાથે ખભેખભા મિલાવી કામ કરી શકે છે. આમ, તે ઘણી બાબતમાં સ્વતંત્રતા ભોગવે છે.

પરંતુ ધાર્મિક બાબતમાં જોઈએ તો તેની આસપાસ ઘણા નિષેધો અને વહેમો સંકળાયેલા છે. સ્ત્રીને અપવિત્ર ગણી ધાર્મિક બાબતમાં કોઈ અધિકાર આપવામાં આવ્યા નથી. ધાર્મિક વિધિઓ તેઓ નથી કરી શકતી. મોટેભાગે પુરુષો જ ધાર્મિક વિધિઓ કરતા હોય છે. ગુજરાતના ચોધરી આદિવાસીઓમાં 'હરખી' નામની જાત્રા નીકળે છે તેમાં સ્ત્રીઓ

જઈ શકતી નથી. તે જ રીતે દક્ષિણ ભારતના નીલગિરીની ટેકરીઓમાં વસતા ટોડા આદિવાસીઓની અર્થવ્યવસ્થા ભેંસના પશુપાલન સાથે સંકળાયેલી છે. આ લોકોમાં સ્ત્રીઓને ભેંસ દોહવા પર નિષેધ છે.

આર્થિક દ્રષ્ટિએ જોઈએ તો આદિવાસી સ્ત્રી પોતાના પતિ કે પિતાની સાથે ખેતરમાં કામ કરે છે પણ ખેતી નિભાવલક્ષી હોવાથી તેની આવક રોજિંદા જીવનને ટકાવી રાખવામાં જ વપરાય જાય છે. જો કે પોતે છૂટક મજૂરી કરીને પૈસા મેળવે કે પોતાના વાડામાં ઉગાડેલા શાકભાજી અથવા ફળફળાદિ વેચીને જે કાંઈ આવક મેળવે છે તેના પર તેનો હકક હોય છે. તે પૈસામાંથી તે પોતાની મનપસંદ ચીજવસ્તુ ખરીદી શકે છે.

વળી, સ્ત્રીઓ પોતાની વ્યવહાર કુશળતા અનુભવ અને કાર્યકુશળતા દ્વારા પોતાનું વર્ચસ્વ જમાવી રાખે છે. આગળ જણાવ્યું તે પ્રમાણે કેટલાક આદિવાસીઓમાં જોવા મળતી ખંધાડપ્રથા સમાજમાં સ્ત્રીના પ્રભુત્વનો પરિચય આપે છે. એ પ્રથા અનુસાર પતિ પરણીને સ્ત્રીના ઘરે રહેવા જાય છે. અને તેથી સ્વાભાવિક રીતે જ કુટુંબમાં સ્ત્રીનું કે સ્ત્રીના સગાઓનું વધારે મહત્વ અને વર્ચસ્વ હોય છે. સાસરે જો સ્ત્રી સાથે ક્રૂર કે ખરાબ વર્તન કરવામાં આવે તો કન્યા રાતોરાત કોઈને પણ કશુ જણાવ્યા વગર પોતાના પિયર નાસી જાય છે. તેઓ સ્વમાની અને સ્વતંત્ર મિજાજની હોવાથી ખોટો અન્યાય સહન કરતી નથી. પતિને પણ હિંમતપૂર્વક કહી દે છે કે '' લે તારી કલ્લી ને હું તો ચાલી.'' માત્ર યુવાન જ નહિ પણ વૃધ્ધ સ્ત્રીઓ પણ એટલી જ સ્વમાની હોય છે. જો દીકરો અને વહુ સરખી રીતે ન સાચવે તો તે પોતાનો ચૂલો એક ખૂણામાં અલગ માંડી જાતમહેનત કરી ગૌરવભેર જીવે છે. આ સમાજમાં કન્યા મેળવવા માટે મોટી કિંમત ચૂકવવી પડે છે. પુરુષો એટલે કે વરપક્ષ જયાં સુધી દહેજ ચૂકવી ન શકે ત્યાં સુધી લગ્ન થઈ શકતા નથી. કેટલાક કુટુંબોમાં તો નજરે જોવા મળ્યું છે કે પુરુષો દારૂ પીઈને આળસુની જેમ પડયા રહેતા હોય છે. સ્ત્રીઓ જ ઘરનું તથા ખેતરનું કામકાજ સંભાળતી હોય છે. વખત આવે પતિને ખખડાવી, ધમકાવીને ખેતરમાં કામે મોકલે છે.

શૈક્ષણિક દ્રષ્ટિએ જોઈએ તો આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. બિનઆદિવાસી કન્યાઓ માટે શિક્ષણ અનિવાર્ય છે તેવી જ રીતે આદિવાસી કન્યાઓ માટે પણ શિક્ષણ પાયાનો પ્રશ્ન છે. શિક્ષણને કારણે તેઓમાં રહેલું પછાતપણું આંશિક રીતે દૂર થાય છે. અને તેમનામાં જાગૃતિ નિર્માણ થાય છે. તેમજ જીવનમાં આગળ વધવા માટેના ઘણા રસ્તાઓ ખુલ્લા થાય છે. જો કે પહેલા કરતા આજે આદિવાસી સ્ત્રીઓ શિક્ષણ લેતી થઈ છે. છતાં તેનું પ્રમાણ ઘણું ઓછું છે. લોકશાહીનું રક્ષણ કરવા તેમજ સમાજવાદી આદર્શ સમાજરચના તથા કલ્યાણરાજ્યના ધ્યેયને પ્રાપ્ત કરવા પ્રત્યેક વ્યક્તિ માટે શિક્ષણ અનિવાર્ય બની રહે છે. તેમાંય સ્ત્રીઓ માટે તો શિક્ષણ ખાસ જરૂરી છે. મહાત્મા ગાંધીએ જણાવ્યું હતું તેમ જો સ્ત્રીઓ શિક્ષિત હશે તો કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, વગેરે પણ શિક્ષિત બનશે. કારણ ભાવિ પ્રજાનું ઘડતર સ્ત્રીઓ દ્વારા માતાઓ દ્વારા થાય છે. અને એ દ્રષ્ટિએ આદિવાસી સ્ત્રીઓ માટે પણ શિક્ષણ અનિવાર્ય છે. ગુજરાત રાજ્યમાં ૧૪ વર્ષ સુધીના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા છે. સ્ત્રીઓ માટે તો બધું જ શિક્ષણ મફત છે. છતાં, આદિવાસીઓમાં ૧૪ વર્ષ સુધીની ઉંમરની મોટાભાગની બાળાઓ શિક્ષણ લીધા વગરની અથવા તો અધવચ્ચેથી શિક્ષણ છોડી દેનાર જણાય છે. ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ નીચેના આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે.

**આદિવાસી સ્ત્રી-પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ**

| વર્ષ | કુલ | સ્ત્રી | પુરુષ |
|---|---|---|---|
| ૧૯૬૧ | ૧૧.૬૯ | ૪.૦૯ | ૧૯.૦૬ |
| ૧૯૭૧ | ૧૪.૧૨ | ૬.૧૫ | ૨૧.૮૩ |
| ૧૯૮૧ | ૨૧.૧૫ | ૧૧.૬૪ | ૩૦.૪૧ |
| ૧૯૯૧ | ૨૯.૦૬ | ૧૯.૦૬ | ૩૯.૦૪ |

આ આંકડાઓ બતાવે છે કે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ધીમે ધીમે વધતું જાય છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણી જ ધીમી ગતિએ વધી રહેલું જણાય છે. ૧૯૮૧ની વસતિ ગણતરી

મુજબ રાજયની બિન આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ૩૨.૩૧ ટકા હતું. જયારે અનુસૂચિત જ્ઞાતિઓમાં આ પ્રમાણ ૨૫.૦૧ ટકા હતું. આ આંકડા પરથી જણાય છે કે આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ બિન-આદિવાસી તેમજ અનુસૂચિત જ્ઞાતિની સ્ત્રીઓ કરતાં ઘણું જ ઓછું છે. આ બતાવે છે કે ગુજરાત રાજયના અનુસૂચિત જનજાતિના લોકોમાં શિક્ષણ વધારવાના સરકારના આયોજિત પ્રયાસો તથા સ્વૈચ્છિક સંસ્થાઓના સક્રિય પ્રયાસો છતાં શિક્ષણનો વ્યાપ જોઈએ તેટલો વધ્યો નથી. જો કે તેઓના પ્રયાસો તદ્દન નિષ્ફળ ગયા છે તેમ પણ ન કહી શકાય. આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ માટેની સભાનતા જરૂર આવી છે. પણ આ પ્રક્રિયા ઘણી ધીમી છે. ઉપરાંત અમુક જાતિના લોકોમાં જ શિક્ષણનું પ્રમાણ વધી રહયું છે. કેટલાક પછાત વિસ્તારોમાં અને જાતિઓમાં હજુ સ્ત્રી શિક્ષણની બાબતમાં ઘણું કરવાનું બાકી છે.

શિક્ષણની જેમ રાજકીય બાબતમાં પણ આદિવાસી સ્ત્રી હજુ સક્રિય નથી. તે મતદાન કરે છે. તેમજ ગ્રામપંચાયતમાં સભ્યપદ પણ ધરાવે છે. પરંતુ વહીવટ બધો સરપંચ કે તેનો પતિ જ કરતા હોય છે. તે નામ માત્રની જ સભ્ય હોય છે. રાજકીય ક્ષેત્રે આદિવાસી સ્ત્રીની સક્રિય ભાગીદારી કયાંય ભાગ્યે જ જોવા મળે છે. પોલીસ પટેલ કે સરપંચના હોદ્દા સુધી કોઈ સ્ત્રી જોવા મળી નથી.

આમ, આદિવાસી સમાજમાં જેટલું કુટુંબ, લગ્ન કે આર્થિક ક્ષેત્રે સ્ત્રીઓનું મહત્વનું સ્થાન અને ભૂમિકા છે તેટલું જાહેરજીવનના ક્ષેત્રે તેની ભૂમિકા કે સ્થાન જોવા મળતા નથી. હા, કેટલીક શિક્ષિત સ્ત્રીઓ ડોકટર, અધ્યાપિકા, નર્સ કે શાળામાં શિક્ષિકા તરીકે,સામાજિક કાર્યકર તરીકે કે પછી કલાર્ક તરીકે વ્યવસાય કરતી જોવા મળે છે. ડાંગમાં તો દારૂબંધીના પ્રચાર માટેની માંગણીઓની પહેલ આદિવાસી મહિલાઓ દ્વારા કરવામાં આવી હતી. ટૂંકમાં, આજે આદિવાસી સ્ત્રીઓમાં ધીમે ધીમે જાગૃતિ અને પરિવર્તન આવી રહયાં છે. આમ, એકંદરે આદિવાસી સમાજમાં સ્ત્રીઓ ઘણું સ્વતંત્ર, ગૌરવપૂર્ણ, વર્ચસ્વવાળું તેમજ માન અને મોભાવાળું સ્થાન ધરાવે છે. અને એ રીતે તેનો દરજ્જો

બિનઆદિવાસી સ્ત્રીઓની સરખામણીમાં ઊંચો છે. વસતિની દૃષ્ટિએ પણ સ્ત્રી- પુરુષની સંખ્યામાં બહુ ઓછો તફાવત છે. આ સમાજમાં હિંદુસમાજની માફક છોકરીને દૂધ પીતી કરતા નથી. સોનોગ્રાફીમાં સંતાન પુત્રી હોય તો એબોર્શન કરાવતા નથી. બિનઆદિવાસી સમાજમાં તો સોનોગ્રાફીમાં જો સંતાન પુત્રી જણાય તો એબોર્શન કરાવવામાં આવે છે. આ એક રીતે જોઈએ તો સ્ત્રીની હત્યા જ છે. આને પરિણામે બિન-આદિવાસી સમાજમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. માનવશાસ્ત્રીઓ માટે આ એક ચિંતાનો વિષય છે. આદિવાસીઓમાં બે પુત્રીઓ પછી પણ કુટુંબનિયોજનનું ઓપરેશન કરાવ્યાના દૃષ્ટાંતો મળ્યા છે. આ પરથી ખ્યાલ આવે છે કે તેમના સમાજમાં સ્ત્રીઓનું મહત્વ કેટલું છે ? આમ, આદિવાસી સ્ત્રીઓ સામાજિક દૃષ્ટિએ ઘણું ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. પરંતુ તેઓમાં શિક્ષણનું પ્રમાણ હજુ ઘણું ઓછું છે અને આર્થિક દૃષ્ટિએ તેઓ હજુ ઘણી પાછળ છે. પરિણામે તેમના વિકાસ માટે સરકાર તરફથી વિવિધ કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે. તેનો પરિચય હવે પછીના પ્રકરણોમાં જોઈશું.

## પ્રકરણ - ૩

## લાભાર્થીઓ અને તેમના કુટુંબો

અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓના ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર દ્વારા કેટલીક કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરવામાં આવ્યો છે એ એક પ્રસંશનીય પગલું છે. વર્ષોથી સ્ત્રીઓની ઉપેક્ષા કરવામાં આવી છે. પરંતુ ૧૯૭૫માં યુનોએ મહિલાકલ્યાણના ઉપક્રમે મહિલા વર્ષ ઉજવ્યું. ત્યારથી મહિલાઓના વિકાસ અને સમસ્યાઓ પ્રત્યે સમાજનું ધ્યાન ખેંચાયું છે. બિનઆદિવાસી સ્ત્રીઓની આવી પરિસ્થિતિ છે ત્યાં આદિવાસી સ્ત્રીઓની પરિસ્થિતિ અંગે તો વાત જ કયાં કરવી ? આદિવાસી સ્ત્રીઓ વિકાસની કક્ષામાં ઘણી પાછળ છે. આપણે આગળ જોયું તે પ્રમાણે છેક સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન અનુસૂચિત આદિજાતિના વિકાસ અંગેના કાર્યકારી જૂથ દ્વારા ભલામણ કર્યા પ્રમાણે ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારોમાં ખાસ કરીને સ્ત્રીઓના કલ્યાણ સંબંધમાં કેટલીક પગલાં હાથ ધર્યા છે. સ્ત્રીઓના વિકાસ પરત્વે વિશેષ ધ્યાન આપવાની જરૂરતને પિછાની છે. સમાજના સંતુલિત વિકાસ માટે આયોજિત પ્રયત્નો શરૂ કર્યા છે. જેથી અનુસૂચિત જનજાતિની મહિલાઓનો આર્થિક દ્રષ્ટિએ વિકાસ થાય અને તેઓ પગભર બની શકે. તેમના માટે કેટલીક કલ્યાણ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. આ યોજનાઓમાં અનુસૂચિત જનજાતિની મહિલાઓ કઈ રીતે તાલીમ લે છે તેમાં કોઈ ઉણપો છે કે કેમ ? તેમજ આ તાલીમને વધુ હેતુસભર બનાવવા માટે શું કરવું જોઈએ. તે માટે જુદા જુદા બે જિલ્લાઓમાંથી ચાર યોજનાઓને અભ્યાસ માટે લેવામાં આવી છે. પ્રસ્તુત અભ્યાસમાં લીધેલા લાભાર્થીઓના કુટુંબનું વાતાવરણ, તેમનું શિક્ષણ, તેમની જાતિ, તેમની વય, તેમનો વ્યવસાય, લાભાર્થી સાથે તેમનો સંબંધ, તેમનો લગ્નનો દરજ્જો વગેરેને લગતી એટલે કે તેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિને લગતી વિગતોને આ અભ્યાસમાં ઊંડાણપૂર્વક તપાસી છે.

આદિવાસી લોકો અત્યંત ગરીબોમાં જીવતા હોવાથી જીવન-નિર્વાહ માટે તેમણે સતત સંઘર્ષ કરવો પડે છે. પોતાની જરૂરયાતો સંતોષવા રાતદિવસ સખત મહેનત કરતા હોય છે. સ્ત્રીઓ પણ પુરુષો

સાથે ખભેખભા મિલાવીને કામ કરે છે, ત્યારે માંડ પેટ પૂરતું ખાવાનું મેળવે છે. તેથી આ સ્ત્રીઓના આર્થિક વિકાસ માટે સરકાર તરફથી કલ્યાણ યોજનાઓ અમલમાં આવી. આદિવાસી મહિલાઓને સરકારી ખર્ચે તાલીમ આપી કેટલાક હુન્નર ઉદ્યોગો, શીખવવામાં આવે છે. આ તાલીમ દરમ્યાન સરકાર તરફથી નકકી કરેલ આર્થિક સહાય પણ સ્ટાઈપેન્ડ તરીકે આપવામા આવે છે. આ તાલીમને લીધે સ્ત્રીઓ આર્થિક રીતે પગભર બની શકે છે. તેમની આર્થિક પરિસ્થિતિ આ રીતે સુધારી શકાય છે. પોતાના કુટુંબને પણ આર્થિક રીતે પોતે મદદરૂપ બની શકે છે.

આ અભ્યાસમાં ચાર કલ્યાણ યોજનાઓમાં કુલ ૬૦ લાભાર્થીઓ લેવામાં આવ્યા છે કે જેમણે જુદી જુદી કલ્યાણ યોજનામાં તાલીમ પૂરી કરી હોયે. આ માટે સૌ પ્રથમ પ્રાયોજના કચેરીમાંથી લાભાર્થીઓની યાદી મેળવી હતી. ત્યારબાદ જુદા જુદા ગામોમાં જઈ એ યાદીમાંથી જે લાભાર્થીઓ મળી શકયા તેમને અભ્યાસ માટે પસંદ કર્યા. કારણ કે કેટલીક લાભાર્થી બહેનો સાસરે ગયેલી, કેટલીક લાભાર્થી બહેનો બહારગામ ગયેલી, કેટલીક બહેનો કામ પર ગયેલી એટલે હાજર હતી તે બહેનોને અભ્યાસ માટે લેવામાં આવી હતી. તેમની રૂબરૂ મુલાકાત લઈ તેમની તથા તેમના કુટુંબની માહિતી મેળવવામાં આવી હતી.

અભ્યાસમાં જુદી જુદી ચાર યોજનાઓમાં જે ૬૦ લાભાર્થીઓ લેવામાં આવ્યા છે તેની વિગતો નીચે મુજબ છે.

અભ્યાસનો વિસ્તાર, યોજનાનુ નામ અને લાભાર્થીઓની સંખ્યાની વિગત કોઠા નં. ૧ મુજબ છે.

<u>કોઠા નં. ૧</u>

| ક્રમ | યોજનાનું નામ | જિલ્લો | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ઊની ગાલીચા | સુરત | ૧૦ |
| ૨. | પડીયા-પતરાળા | સુરત | ૧૦ |
| ૩. | દૂધાળાં ઢોર (ભેંસ) | પંચમહાલ | ૧૦ |
| ૪. | શીવણ તાલીમવર્ગ | પંચમહાલ, | ૨૦ |
| | | સુરત | ૧૦ |
| | | | ૬૦ |

આ કોઠા પરથી જણાય છે કે સૌથી વધારે સંખ્યા શીવણ તાલીમ વર્ગમાં છે. શીવણની તાલીમ ઘરમાં પણ ઉપયોગી બને છે અને વ્યવસાય તરીકે કમાણી કરવામાં પણ મદદરૂપ બને છે. તેથી તેમાં ઘણી બહેનો લાભાર્થી તરીકે આવે છે. સુરત જિલ્લાના સોનગઢ અને મીરકોટ ગામમાંથી શીવણ તાલીમવર્ગના કુલ ૧૦ લાભાર્થી અભ્યાસમાં લીધા છે. પંચમહાલ જિલ્લાના કુલ ચાર ગામ (૧) નગરાળામાંથી બે, (૨) ગડોઈમાંથી આઠ, (૩) ચાંદાવાડામાંથી બે અને (૪) વડવામાંથી આઠ શીવણ તાલીમ વર્ગના લાભાર્થીઓ લેવામાં આવ્યા છે. દૂધાળાં ઢોર (ભેંસ)ની યોજનામાં પંચમહાલ જિલ્લાના જેકોટ ગામના ૧૦ લાભાર્થી બહેનો, પડીયા-પતરાળા માં સુરત જિલ્લાના મીરકોટ ગામના ૪૦ લાભાર્થી બહેનોને તેમજ ઊની ગાલીચા તાલીમવર્ગમાં સુરત જિલ્લાના પનિયારી ગામના ગાલીચા કેન્દ્રમાં કામ કરતી ૧૦ લાભાર્થી બહેનોને અભ્યાસ માટે લેવામાં આવી છે. આમ કુલ ૬૦ બહેનોને બે જિલ્લાઓમાંથી ચાર જુદી જુદી યોજનાના લાભાર્થી તરીકે અભ્યાસમાં લેવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરવામાં આવેલી ૬૦ બહેનોની ઉંમરની વિગત નીચે મુજબ છે.

**કોઠા નં.૨**

**લાભાર્થીઓની ઉંમર**

| ક્રમ | ઉંમર વર્ષ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧૫ થી ૨૫ | ૪૫ | ૭૫.૦૦ |
| ૨. | ૨૬ થી ૩૫ | ૧૦ | ૧૬.૬૭ |
| ૩. | ૩૬ થી ૪૫ | ૫ | ૮.૩૩ |
| | કુલ | ૬૦ | ૧૦૦.૦૦ |

પ્રસ્તુત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૨૫ વર્ષથી નીચેની ઉંમરની નાની બહેનોની સંખ્યા તાલીમ લેવામાં વધારે એટલે કે ૭૫ ટકા જેટલી છે, જ્યારે ૨૬ થી ૩૫ વર્ષની ઉંમરની લાભાર્થી બહેનોનું પ્રમાણ ૧૭ ટકા જેટલું છે. અને ૩૬ થી ૪૫ વર્ષની ઉંમરમાં બહુ જ ઓછું એટલે કે માત્ર ૫ ટકા જેટલા જ લાભાર્થી બહેનો છે. આ પરથી ખ્યાલ આવે છે કે નાની ઉંમરની બહેનોમાં નવું શીખવાનો ઉત્સાહ વધારે છે.

કોઠા નં. ૩

લાભાર્થીઓનો વૈવાહિક દરજ્જો

| ક્રમ | વૈવાહિક દરજ્જો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અપરિણીત | ૩૧ | ૫૧.૬૭ |
| ૨. | પરિણીત | ૨૯ | ૪૮.૩૩ |
| | કુલ | ૬૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે લાભાર્થીઓમાં અપરિણીત બાળાઓનું પ્રમાણ વધારે (૫૨ ટકા) છે, જ્યારે પરિણીત બહેનોનું પ્રમાણ થોડુ ઓછુ (૪૮ ટકા)છે. જ્યારે ત્યક્તા કે છૂટાછેડા લીધેલા કે વિધવા બહેનો લાભાર્થી તરીકે જોવા મળેલ નથી.

કોઠા નં. ૪

લાભાર્થીઓનું શિક્ષણ

| ક્રમ | શિક્ષણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અભણ ... | ૨૩ | ૩૮.૩૪ |
| ૨. | પ્રાથમિક -ધો-૧ થી ૭ | ૧૧ | ૧૮.૩૩ |
| ૩. | માધ્યમિક- ધો-૮ થી ૧૦ | ૧૪ | ૨૩.૩૩ |
| ૪. | ઉચ્ચ માધ્યમિક- ધો-૧૧ થી ૧૨ | ૧૨ | ૨૦.૦૦ |
| | કુલ | ૬૦ | ૧૦૦.૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે અભણ લાભાર્થીઓનું પ્રમાણ સૌથી વધુ ૩૮.૩૪ ટકા છે. જ્યારે પ્રાથમિક શિક્ષણ લીધેલા ૧૮.૩૩ ટકા લાભાર્થીઓ છે. માધ્યમિક શિક્ષણ લીધેલા લાભાર્થીઓનુ પ્રમાણ ૨૩.૩૩ ટકા જેટલું છે. અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ લીધેલા ૨૦ ટકા લાભાર્થીઓ છે. સ્નાતક કે તેથી વધુ શિક્ષણ ધરાવતું હોય તેવું કોઇ નથી. ઉચ્ચ શિક્ષણમાં લાભાર્થી બહેનોનું પ્રમાણ નહિવત છે. આ પરથી ખ્યાલ આવે છે કે તેઓ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી શકતા નથી. સરકાર તરફથી અનુસૂચિત જનજાતિઓ માટે

શિક્ષણ અંગે અનેક સુવિધાઓ અને મદદ આપવામાં આવે છે. અને બહેનો માટે તો ગુજરાત રાજ્યમાં મફત શિક્ષણની જોગવાઈ કરવામાં આવેલ છે છતાં તેઓ શિક્ષણમાં હજુ પાછળ છે. કારણ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવાનું આર્થિક રીતે તેમજ સમયગાળાની દ્રષ્ટિએ તેમને પોષાય તેમ નથી. શિક્ષણ ઓછું હોવાને કારણે તેઓ અન્ય કોઈ કામ શોધી શકતા નથી. પરિણામે આવી કલ્યાણ યોજના દ્વારા તાલીમ લઈ આર્થિક રીતે પગભર થવા પ્રયત્ન કરે છે. સરકારી ખર્ચે ટૂંકાગાળાની તાલીમ દ્વારા કોઈને કોઈ હુન્નર ઉદ્યોગ શીખી થોડીઘણી આવક તેઓ મેળવે છે.

<u>કોઠા નં. ૫</u>

<u>લાભાર્થીની જાતિ</u>

| ક્રમ | યોજના | ગામીત | ધોડિયા | કોકણી | પટેલીયા | ભીલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઊની-ગાલીચા | ૯ | ૧ | - | - | - | ૧૦ |
| ૨. | પડીયા-પતરાળા | ૧૦ | - | - | - | - | ૧૦ |
| ૩. | શીવણ | ૬ | ૧ | ૩ | ૨૦ | - | ૩૦ |
| ૪. | દૂધાળાં ઢોર (ભેંસ) | - | - | - | - | ૧૦ | ૧૦ |
| | કુલ | ૨૫ | ૨ | ૩ | ૨૦ | ૧૦ | ૬૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ લાભાર્થીઓ ગામીત જાતિના છે. તેઓએ ત્રણ યોજનાનો લાભ લીધો છે. બીજા નંબરે પટેલીયા જાતિના લોકો લાભાર્થી તરીકે વધુ સંખ્યા ધરાવે છે. તેઓએ માત્ર શીવણ તાલીમ વર્ગનો જ લાભ લીધો છે. ત્યારબાદ ભીલ જાતિના લોકોની સંખ્યા લાભાર્થી તરીકે આવે છે જેમણે દૂધાળા ઢોરની યોજનાનો લાભ લીધો છે. લાભાર્થી તરીકે સૌથી ઓછી સંખ્યા અનુક્રમે કોકણી (૩) અને ધોડિયા (૨) જાતિના લોકોની છે.

**લાભાર્થીઓનો ધર્મ :**

મોટાભાગના લાભાર્થીઓ એટલે કે ૫૯ લાભાર્થીઓ હિંદુધર્મના છે. જ્યારે એક લાભાર્થી ખ્રિસ્ત ધર્મનો છે.

**લાભાર્થીઓના કુટુંબોની સભ્યસંખ્યા અને ઉંમર પ્રમાણે વર્ગીકરણ :**

આ અભ્યાસમાં કુલ ૬૦ લાભાર્થીઓના કુટુંબોમાં કુલ ૨૮૪ સભ્ય સંખ્યા છે. જેમાં પુરુષો ૧૩૫ છે અને સ્ત્રીઓ ૧૪૯ છે.

**કોઠા નં. ૬**

**કુટુંબના સભ્યોની વયજુથ દર્શાવતો કોઠો**

| ક્રમ | વય (વર્ષ) | સંખ્યા | | ટકા | |
|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | ૦ થી ૬ | ૦૧ | ૦૯ | ૦.૭૫ | ૬.૦૪ |
| ૨. | ૭ થી ૧૪ | ૩૩ | ૨૯ | ૨૪.૪૪ | ૧૯.૪૬ |
| ૩. | ૧૫ થી ૩૦ | ૪૦ | ૫૬ | ૨૯.૬૩ | ૩૭.૫૮ |
| ૪. | ૩૧ થી ૪૫ | ૩૯ | ૩૭ | ૨૮.૮૮ | ૨૪.૮૩ |
| ૫. | ૪૫ થી વધુ | ૨૨ | ૧૮ | ૧૬.૩૦ | ૧૨.૦૮ |
| | કુલ | ૧૩૫ | ૧૪૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા પરથી જાણી શકાય છે કે ૦ થી ૬ વર્ષ સુધીના વયજુથમાં બાળકોની સંખ્યા સૌથી ઓછી છે. કદાચ બાળમરણનું પ્રમાણ વધારે હોઈ શકે. આદિવાસી લોકોમાં પણ હવે કુટુંબ નિયોજન અપનાવતા થયા છે. પણ નાના બાળકોનું આટલું ઓછું પ્રમાણ હોય તેટલા પ્રમાણમાં હજુ કુટુંબ - નિયોજન અપનાવતા નથી. ખેતી મુખ્ય આર્થિક પ્રવૃત્તિ હોવાથી તેમાં વધારે માણસોની જરૂર પડે. તેથી તેઓ વધારે બાળકો ઈચ્છતા હોય છે. એટલે સંભવિત છે કે બાળમરણનું પ્રમાણ અહીં વધારે હોય તેથી નાના બાળકોના વયજુથમાં સંખ્યા ઓછી હોય. ત્યાર પછીના ૭ થી ૧૪ વર્ષના વયજુથમાં પુરુષોની ૩૩ (૨૪.૪૪ ટકા) અને સ્ત્રીઓની ૨૯ (૧૯.૪૬ ટકા) જેટલી સંખ્યા છે. સૌથી વધુ સંખ્યા ૧૫ થી ૩૦ વર્ષના વયજુથમાં ૪૦ (૨૯.૬૩ટકા)

પુરુષો અને ૫૬ (૩૭.૫૮ ટકા) સ્ત્રીઓની સંખ્યા છે. પ્રસ્તુત અભ્યાસના લાભાર્થી બહેનો મોટેભાગે આ વયજૂથમાં આવે છે. ત્યારપછીના ૩૧ થી ૪૫ વર્ષના વયજૂથમાં પુરુષો ૩૯ (૨૮.૮૮ ટકા) અને સ્ત્રીઓ ૩૭ (૨૮.૮૩ટકા) જેટલી છે. અને છેલ્લે ૪૫ થી વધુ ઉંમરના વયજૂથમાં ૨૨ (૧૬.૩૦ ટકા) પુરુષો અને ૧૮ (૧૨.૦૮ ટકા) સ્ત્રીઓ છે.

કોઠામાં દર્શાવેલ કુટુંબની સભ્યસંખ્યા પરથી જણાય છે કે કુટુંબ કદ સરેરાશ ૪.૭૫ જેટલું છે.

<u>કોઠા નં. ૭</u>

<u>કુટુંબના સભ્યોનું શિક્ષણ દર્શાવતો કોઠો</u>

| ક્રમ | શિક્ષણની કક્ષા | સંખ્યા | | ટકા | |
|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | ટકા |
| ૧. | અભણ | ૫૮ | ૭૭ | ૪૨.૯૬ | ૫૧.૬૮ |
| ૨. | પ્રાથમિક ધો. ૧ થી ૭ | ૪૫ | ૪૨ | ૩૩.૩૪ | ૨૮.૧૮ |
| ૩. | માધ્યમિક ધો. ૮ થી ૧૦ | ૨૪ | ૨૨ | ૧૭.૭૮ | ૧૪.૭૭ |
| ૪. | ઉચ્ચ માધ્યમિક ધો. ૧૧ થી ૧૨ | ૦૩ | ૦૬ | ૨.૨૨ | ૪.૦૩ |
| ૫. | ઉચ્ચ શિક્ષણ | ૦૫ | ૦૨ | ૩.૭૦ | ૧.૩૪ |
| | કુલ | ૧૩૫ | ૧૪૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે, પુરુષોમાં ૫૮ (૪૨.૯૬ ટકા) અને સ્ત્રીઓમાં ૭૭ (૫૧.૬૮ ટકા) અભણ છે. પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હોય તેવા ૪૫ (૩૩.૩૪ ટકા) પુરુષો છે. અને ૪૨ (૨૮.૧૮ ટકા) સ્ત્રીઓ છે. જયારે માધ્યમિક શિક્ષણમાં ૨૪ (૧૭.૭૮ ટકા) પુરુષો અને ૨૨ (૧૪.૭૭ ટકા) સ્ત્રીઓ છે. ઉચ્ચ માધ્યમિક શિક્ષણ લેનારાઓની સંખ્યા ઘણી ઓછી છે. તેમાં ૩ (૨.૨૨ ટકા) પુરુષો અને ૬ (૪.૦૩ ટકા) સ્ત્રીઓ છે. ઉચ્ચ શિક્ષણમાં ૫ (૩.૭૦ ટકા) પુરુષો અને ૨ (૧.૩૪ ટકા) સ્ત્રી છે.

આમ આ કોઠા પરથી ખ્યાલ આવે છે કે પુરુષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. તેમાં પણ ઉચ્ચ શિક્ષણમાં ઘણી ઓછી સ્ત્રીઓ જોવા મળે છે. આ રીતે જોઈએ તો અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓના શિક્ષણ માટે હજુ ઘણું કરવાનું બાકી છે.

કોઠા નં. ૮

લાભાર્થીઓ કુટુંબનો વ્યવસાય

| ક્રમ | વ્યવસાય | સંખ્યા | ટકા |
| --- | --- | --- | --- |
| ૧. | ખેતી | ૩૯ | ૬૫ |
| ૨. | મજુરી | ૬ | ૧૦ |
| ૩. | નોકરી | ૧૫ | ૨૫ |
| | કુલ | ૬૦ | ૧૦૦ |

અભ્યાસ માટે પસંદ કરેલા લાભાર્થીઓના કુટુંબની તેમના વ્યવસાય અંગેની માહિતી એકત્રિત કરી છે. આમાંથી મોટાભાગના કુટુંબો એટલે કે ૩૯ (૬૫ ટકા) ખેતીના વ્યવસાયમાં રોકાયેલા છે. જેમની પાસે જમીન નથી તેવા લોકો મજુરી કરીને રોજી મેળવે છે. ખેતી કરનારા લોકો પણ પૂરક આવક માટે મજુરી કરતા હોય છે. નોકરી કરનારાની સંખ્યા ૧૫ (૨૫ ટકા) છે, નોકરીની સાથે સાથે તેઓ ખેતી પણ કરતા હોય છે.

અનુસૂચિત જનજાતિના લોકોની આર્થિક સ્થિતિ ઘણી પછાત હોવાથી કોઈ એકજ વ્યવસાય પર નભી શકતા નથી. એક મુખ્ય વ્યવસાય સાથે તેમણે પૂરક વ્યવસાય પણ કરવો પડે છે. મોટાભાગના કુટુંબો પાસે થોડીઘણી જમીન છે. તેમાં ખેતી કરે છે પરંતુ સિંચાઈની અપૂરતી સગવડ, ખેતીની જુની પધ્ધતિ, નીચલી કક્ષાની જમીન જેવા કેટલાક કારણોને લીધે તેઓ પૂરતું ઉત્પાદન મેળવી શકતા નથી. તેથી ખેતીની સાથે બીજો પૂરક વ્યવસાય કરી નિર્વાહ ચલાવે છે. શિક્ષણ ઓછું હોવાને કારણે પ્રશ્ને બીજી કોઈ નોકરી મેળવી શકતા નથી. તેથી જેમની પાસે જમીન નથી તે તો મજુરી કરે જ છે. પરંતુ જેમની પાસે જમીન છે તે લોકો પણ ખેતીની

[illegible] મજૂરી કરતા હોય છે. પંચમહાલ જેવા પ્રદેશમાં ક્યારેક દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય તો માત્ર ખેતી પર નિર્ભર રહી શકાય નહિ તે સ્વાભાવિક છે. આવી પરિસ્થિતિમાં ક્યારેક તો લોકો સ્થાનિક કામ ન મળે તો કામની શોધમાં સ્થળાંતર કરી બહાર પણ જવું પડે છે. મજૂરીમાં મુખ્યત્વે ખેતમજૂરી અને કડિયાકામ કરતા જોવા મળે છે. નોકરીમાં મુખ્યત્વે પાંચ વ્યક્તિઓ શિક્ષકો છે. બે પેપર મીલમાં કામ કરે છે. બે વ્યક્તિ પોસ્ટમેનની નોકરી કરે છે. તો બે ક્લાર્ક તરીકે નોકરી કરે છે. એક ઢોરના ડોક્ટરના મદદનીશ, બે રેલ્વેમાં નોકરી કરે છે. એક રીક્ષા ચલાવવાનું કામ કરે છે. આ શિક્ષણ ઓછું હોવાથી કોઈ ઊંચા હોદ્દા પર નોકરી કરતું જોવા મળ્યું નથી. નોકરી કરનારાઓ ખેતી પણ કરતા હોય છે. ક્યારેક પિતા ખેતી કરતા હોય અને પુત્ર નોકરીના કામમાં લાગેલા હોય અથવા મોટોભાઈ ખેતી સંભાળતો હોય અને નાનોભાઈ થોડું ભણેલો હોય તો તે નોકરી કરતો હોય છે.

ખેતી, નોકરી અને મજૂરી ઉપરાંત અન્ય કોઈ નાનું મોટું કામ મળી જાય તો તેમાંથી પણ તેઓ રોજી મેળવે છે. જેમકે પોતાના વાડામાં વાવેલા શાકભાજી વેચીને, જંગલની ચીજવસ્તુ એકઠી કરીને વેચવી અથવા છૂટક મજૂરી કરવી વગેરે.

<u>લાભાર્થીઓના કુટુંબોની આવક :</u>

અભ્યાસ હેઠળના કુટુંબોની મુખ્ય તેમજ ગૌણ વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી કુલ આવક નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે.

**કોઠા નં. ૯**

**ગૌણ વ્યવસાયની આવક**

| ક્રમ | વાર્ષિક આવક (રુપિયામાં) | કુટુંબોની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૦ થી ૧૦૦૦ | ૦૨ | ૩.૩૩ |
| ૨. | ૧૦૦૧ થી ૩૦૦૦ | ૩૬ | ૬૦.૦૦ |
| ૩. | ૩૦૦૧ થી ૫૦૦૦ | ૨૨ | ૩૬.૬૭ |
| | કુલ | ૬૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે લાભાર્થીઓના કુટુંબની માસિક આવક ઘણી ઓછી છે. રુા. ૧૦૦૦ સુધીની આવકવાળા કુટુંબોની સંખ્યા બે (૩.૩૩ ટકા) છે. જ્યારે ૧૦૦૧ થી ૩૦૦૦ સુધીની આવકવાળા કુટુંબોનું પ્રમાણ મોટું છે. આમાં ૩૬ (૬૦ ટકા) કુટુંબો છે. જ્યારે ૩૦૦૧ થી ૫૦૦૦ આવક ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૨ (૩૬.૬૭ ટકા) છે. અને ૫૦૦૦ થી વધુ આવકમાં કોઈ કુટુંબ નથી. આ પરથી ખ્યાલ આવે છે કે તેમની આર્થિક પરિસ્થિતિ કેટલી ખરાબ છે. ક્ષોત્રકાર્ય દરમ્યાન કેટલાક કુટુંબો ખરેખર ખૂબજ ગરીબ દશામાં જોવા મળ્યા હતા. કેટલાક કુટુંબોમાં તો ખાવા પુરતું પણ ન હતું. તેઓએ જણાવેલું કે બેન ઘરમાં અનાજ હોય તો ચૂલો પેટાવીએ નહિ તો આમને આમ બેઠા રહીએ. આવા લોકો માટે કલ્યાણ યોજનાઓ ખરેખર આવકારદાયક નીવડી શકે છે. પણ તેનો લાભ લે તો જ તે ઉપયોગી નીવડી શકે છે. આ અંગે સરકારે પણ ધ્યાન રાખવું જોઈએ કે તેમના વિસ્તારમાં અનુકૂળ હોય તેવી યોજના બનાવવી જોઈએ કે જેથી તાલીમ લીધા બાદ તેમાંથી તેમને કંઈપણ કામ મળી રહે અને આવક પ્રાપ્ત થાય.

લાભાર્થીઓના કુટુંબની આવક અંગે માહિતી એકત્રિત કરી હતી તે રીતે ખર્ચ બચત અને દેવા અંગે પણ માહિતી મેળવવા પ્રયત્ન કરવામાં આવેલો પરંતુ મોટાભાગના લાભાર્થીઓએ જણાવેલ કે અમારે આવક જ બહુ ઓછી હોવાથી કશી બચત થતી નથી, જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરતી પ્રાપ્ત થતી નથી ત્યાં બચતની કયાં વાત કરવી. જે થોડીઘણી આવક છે તે જીવનનિર્વાહમાં ખર્ચાય જાય છે. એટલે અમે એવો હિસાબ રાખતા નથી. અને દેવા અંગે પણ ખાસ કોઈ માહિતી મળી શકી નથી.

લાભાર્થીઓના કુટુંબની માહિતી લીધાબાદ લાભાર્થીઓના મનોવલણો, ટેવો, વિચારો તેમજ તેમના શોખને લગતા કેટલાક પૂરક પ્રશ્નો અનુસૂચિમાં પૂછવામાં આવેલા. તેમાં ખાસ કરીને તેમના આરોગ્ય, તેમનો દૈનિક કાર્યક્રમ, હાટબજારની મુલાકાત, કલ્યાણ યોજના અંગે જાણકારી, કુટુંબ નિયોજન વિષે તેમનું મંતવ્ય, રેડિયો, ટી.વી. સમાચાર પત્રો વગેરે જેવો સંદેશા માધ્યમોનો ઉપયોગ, જાહેર જીવન મહિલા મંડળ, ગ્રામ પંચાયત, શિબિરો, સંમેલનો વગેરેમાં ભાગ લે છે.

કે કેમ વગેરેને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેથી તેમનો વલ્ડવ્યૂ જાણી શકાય. આ ઉપરાંત કલ્યાણ યોજનાથી તેમને લાભ થયો છે કે કેમ તેનો પણ અભ્યાસ કરી માહિતી એકત્રિત કરવામાં આવી છે.

આરોગ્યને લગતી માહિતીમાં જાણવા મળ્યું કે આ સ્ત્રીઓમાં સામાન્ય રીતે મેલેરિયા, ચામડીના રોગ વગેરે જોવા મળે છે. આ માટે મોટેભાગે બધા આરોગ્ય કેન્દ્ર દ્વારા અથવા સરકારી દવાખાના કે ખાનગી ડોક્ટર દ્વારા સારવાર લે છે. ક્યારેક બાધા માનતા પણ રાખે છે. અને ભગતભૂવા પાસે દોરાધાગા કરાવે છે. પણ હવે તે પહેલા કરતાં ઓછું થયું છે. જેમને નાના બાળકો છે તેઓ સંકલિત બાલવિકાસ યોજનાનો લાભ લીધો છે અને પોતાના બાળકોને આંગણવાડીમાં મોકલે છે. બાકી અપરિણીત લાભાર્થી બહેનોને આ યોજનાનો લાભ લેવાની જરૂર જણાઈ નથી.

કુટુંબ નિયોજન વિષે આ મહિલાઓમાં જાણકારી છે પરંતુ અજ્ઞાનતા તેમજ સંકોચને લીધે તેનો અમલ બહુ ઓછી સ્ત્રીઓ કરે છે.

આ સ્ત્રીઓ પોત પોતાના વિસ્તારમાં ભરાતા હાટ- મેળામાં પોતાને જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા માટે જાય છે. આમ તો પોતાના વિસ્તારમાં ચાલતી કલ્યાણ યોજનાઓ વિષે આદિવાસી સ્ત્રીઓ જાણતી હોય છે. કારણ ગામમાં મોઢામોઢના તેમજ નજીકના સંબંધો હોવાથી ગામમાં કંઈપણ નવુ બને એટલે બધાને ખબર મળી જાય છે. પરંતુ આ યોજનાઓનો લાભ તેઓ જુદા જુદા કારણોને લીધે લઈ શકતી નથી. કેટલાકને સમય નથી મળતો કે કેટલાકને એમ થાય છે કે આટલી મોટી ઉંમરે હવે શું તાલીમ લેવાની ? મોટી ઉંમરે શીખવાની મુશ્કેલી લાગે છે છતાં સરપંચ, ગામના શિક્ષકો તેમજ બહેનપણીઓ વગેરે બહેનોનો તાલીમમાં જોડાવા ઉત્સાહ આપે છે. તેથી નાની ઉંમરની છોકરીઓ ઉત્સાહપૂર્વક તાલીમમાં જોડાય છે.

આ સ્ત્રીઓમાં સમાચારપત્ર બહુ ઓછી સ્ત્રીઓ વાંચે છે. કેટલાક ભણેલા નથી. કેટલાકને કામમાંથી સમય નથી મળતો, કેટલાક ગામમાં સમાચાર પત્ર જ નથી આવતા. સામાયિકોનું વાંચન પણ ખાસ નથી. હા, રેડિયો સાંભળવાનું અને ટેલિવિઝન ન જોવાનું તેમને ગમે છે. પરંતુ તેમાં

અમુક જ કાર્યક્રમો ખાસ કરીને ફિલ્મી ગીતો તેમજ મહિલાઓ માટેના કાર્યક્રમો, વાનગી બનાવવાના કાર્યક્રમો તથા ફિલ્મો તેઓ રસપૂર્વક જુએ છે અને સાંભળે છે. જો કે બધાના ઘરમાં રેડિયો તથા ટેલિવિઝન નથી પણ પાડોશીના ઘરે અથવા કોઈ સગાસંબંધીના ઘરે જોવા માટે જાય છે.

જાહેર કાર્યક્રમોમાં હજુ આ સ્ત્રીઓની ભૂમિકા જોવા મળતી નથી. શિબિર, સંમેલન કે જાહેરસભાઓમાં ખાસ જતા નથી, કેટલાકે તો પોતાના ગામ કે જિલ્લાથી વિશેષ કંઈ જોયુ જ નથી. એટલે કે તેમનો વર્લ્ડવ્યુ ઘણો મર્યાદિત છે. હા, તેમના ઘરની આસપાસ ઝુમખામાં બેસીને તેમને વાતો કરવી બહુ ગમે છે. એટલે સ્ત્રીઓ કામમાંથી નવરાશ મળે ત્યારે ઝુમખામાં બેસી વાતોના ગપાટા મારતી હોય છે.

## પ્રકરણ - ૪

## આદિવાસી મહિલાઓ માટેની કલ્યાણ યોજનાઓનો યથાસ્થિતિ અહેવાલ.

સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન અનુસૂચિત જનજાતિના વિકાસ અંગેના કાર્યકારી જૂથ દ્વારા ભલામણ કર્યા પ્રમાણે ગુજરાત સરકારે આદિજાતિ વિસ્તારોમાં ખાસ કરીને બાળકો અને સ્ત્રીઓના કલ્યાણ માટે કેટલાક પગલાઓ હાથ ધર્યા છે. સ્ત્રીઓ અને બાળકોના વિકાસ પ્રત્યે અત્યાર સુધી ઘણી જ ઉપેક્ષા સેવાઈ છે, એટલે કે તેમના વિકાસ માટે કોઈએ ધ્યાન જ નથી આપ્યું. સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન આદિવાસી સ્ત્રીઓના વિકાસ પ્રત્યે વિશેષ ધ્યાન આપવાની જરૂરતને પિછાણી છે. સમાજના સંતુલિત વિકાસ માટે આયોજિત પ્રયત્નો શરૂ કર્યા છે.

અત્યાર સુધી મહત્વના કાર્યક્રમોમાં હાથ ધરાયેલા સંકલિત બાળ-વિકાસ યોજના, મધ્યાહન ભોજન યોજના, સામાજિક સુરક્ષા હેઠળની યોજનાઓ તેમજ કન્યા શિક્ષણ અને સ્ત્રીઓના આર્થિક ઉત્કર્ષ માટેની યોજનાઓ વગેરેનો સમાવેશ થાય છે. ગરીબ અને મધ્યમ વર્ગની આદિવાસી સ્ત્રીઓના આર્થિક પુનઃસ્થાપન માટે સરકાર દ્વારા તાલીમ, સ્વરોજગાર વગેરે કાર્યક્રમો જેવા વિકાસલક્ષી પગલાં લીધા છે જેથી આદિવાસી સ્ત્રીઓ સમાજના વિકસિત લોકોની સમકક્ષ બનાવી શકાય. આનો મુખ્ય ઉદ્દેશ એમનું શૈક્ષણિક ધોરણ સુધારવાનો અને આર્થિક વિકાસને સહાયરૂપ થવાનો છે. આદિવાસી સ્ત્રીઓ તાલીમ લઈને રોજીરોટી કમાઈ શકે, તેમજ પગભર થઈ શકે તે માટે જુદી જુદી અનેક યોજનાઓ દ્વારા તેમના માટે તાલીમવર્ગો ચલાવવામાં આવે છે. આ તાલીમાર્થી બહેનોને સરકાર દ્વારા તાલીમ દરમ્યાન માસિક છાત્રવૃત્તિ (સ્ટાઈપેન્ડ) આપવામાં આવે છે, તેમજ તાલીમ પુરી થયાબાદ તેમને સાધન આપવામાં આવે છે. આ યોજનાઓ જુદી જુદી એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવે છે. કેટલીક યોજનાઓ પ્રાયોજના કચેરી દ્વારા તો કેટલીક યોજનાઓ સમાજકલ્યાણ ખાતા દ્વારા, તો કેટલીક યોજનાઓ મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા અથવા તો કેટલીક યોજનાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા એમ ચાલતી હોય છે, આદિવાસી સ્ત્રીઓના આર્થિક વિકાસને લગતી મુખ્ય કલ્યાણ યોજનાઓ નીચે મુજબ છે.

(૧) મહિલા સિવણ તાલીમવર્ગ

(૨) ઊની ગાલીચા તાલીમવર્ગ

(૩) મહિલા સંમેલન

(૪) મહિલા ખેડૂત શિબિર

(૫) ગારી જરી ભરત કામ તાલીમવર્ગ

(૬) એમ્બ્રોયડરી તાલીમવર્ગ

(૭) દવા સારવાર તાલીમવર્ગ

(૮) પડીયા-પતરાળા તાલીમવર્ગ

(૯) હોસ્ટીન ગાય યોજના.

(૧૦) આર.આઈ.આર. પક્ષી એકમ યોજના.

(૧૧) કાંકરેજ ગાય યોજના.

(૧૨) દેશી ગાય યોજના.

(૧૩) બતક એકમ યોજના.

(૧૪) હાયબ્રીડ ટામેટી યોજના

(૧૫) પરવળ, ગીલોડાની યોજના

(૧૬) કેળના પીલા

(૧૭) સસલા યુનિટ

(૧૮) ચાર વ્હીલ લારી

(૧૯) અનાજ દળવાની ઘંટી

(૨૦) મંડપ

(૨૧) દુકાન

(૨૨) લુઝ કેબિન

(૨૩) દૂધાળાં ઢોરની યોજના

(૨૪) ઑક-ઝાક મશીન.

[illegible] ઉપરોક્ત યોજનાઓમાંથી અભ્યાસ માટે સિવણ તાલીમવર્ગ, ઊની [illegible], તાલીમવર્ગ, પડીયા-પતરાળા તાલીમવર્ગ, અને દૂધાળાં ઢોર ([illegible])ની યોજનાઓને લેવામાં આવી છે.

**સિવણ તાલીમવર્ગ :**

આ તાલીમવર્ગ પ્રાયોજના કચેરી દ્વારા આદિવાસી મહિલાઓ માટે ચલાવવામાં આવે છે. આ યોજનાનો લાભ ઘણી બહેનોએ લીધો છે. આ યોજનામાં છ માસ સુધી સિલાઈકામની તાલીમ આપવામાં આવે છે. અને તે દરમ્યાન દર મહીને રૂા.૧૨૫/- છાત્રવૃત્તિ – તાલીમવૃત્તિકા (સ્ટાઈપેન્ડ) આપવામાં આવે છે. તેમજ તાલીમ પૂરી થયાબાદ સિલાઈ મશીન પણ આપવામાં આવે છે.

આ યોજનાના લાભાર્થીઓ અભ્યાસ હેઠળના બંને જિલ્લા– સુરત અને પંચમહાલમાં જોવા મળ્યા છે. સુરત જિલ્લાના સોનગઢ તાલુકાના સોનગઢ અને મોરકોટ ગામના લાભાર્થીઓ અભ્યાસમાં લીધા છે. તેમાં ૬ ગામીત, ૩ કોકણી અને એક ધોળિયા જાતિના છે. જ્યારે પંચમહાલ જિલ્લાના નગરાળા, ગડોઈ, ચોદાવાડા અને વડવા ગામમાંથી કુલ ૨૦ જેટલા લાભાર્થીઓ અભ્યાસમાં લેવામાં આવ્યા છે. તેઓ પટેલિયા જાતિના છે. આમ કુલ ૩૦ લાભાર્થીઓ સિવણ તાલીમ વર્ગના છે. તેમની વય ૧૭ થી ૨૫ વર્ષની છે.

આ યોજના દ્વારા આદિવાસી બહેનોને સિલાઈકામ શીખવા મળ્યું છે. એટલે એ રીતે લાભ થયો છે. પરંતુ આર્થિક દૃષ્ટિએ ખાસ લાભ થયો નથી. કારણ મોટાભાગની બહેનોના સિલાઈ મશીન બંધ છે. ઘરનું નાનું મોટું સાંધણ કામ કરે છે. આર્થિક દૃષ્ટિએ આવક પ્રાપ્ત થાય તેવું કામ તેમને ખાસ મળતું નથી. અત્યારે રેડીમેઈડ કપડાં, પહેરતા લોકો થઈ ગયા એટલે ઓછું કામ મળે એવું તેમનું કહેવું છે. આ ઉપરાંત તાલીમનો સમય તેમને ટૂંકો લાગે છે. આટલા ટૂંકા ગાળામાં માપ, કટીંગ, સિલાઈ વગેરે બરાબર શીખી શકતા ન હોવાથી કામ કરી શકતા નથી. જો કે ૩૦માંથી ૧૨ લાભાર્થીઓને કામ મળે છે. જ્યારે ૧૮ લાભાર્થીઓને કશું કામ મળતું નથી. છતાં એકંદરે આ યોજના બહેનો માટે ઘણી ઉપયોગી નીવડી છે, એમ કહી શકાય. કારણકે બહેનોને કામ નથી મળતું તેવી બહેનો ઘરનું સિલાઈ તો કરે જ છે એટલે પોતાના ઘર માટે તો ઉપયોગી બને જ છે. એ રીતે જોઈએ તો આ યોજના તદ્દન નિષ્ફળ નથી ગઈ.

(૨) <u>ઊની-ગાલીચા તાલીમ વર્ગ</u> :

આ યોજનામાં જુદી જુદી ડિઝાઇનના ઊની ગાલીચા વણવાની તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ એક વર્ષ માટેની હોય છે. તાલીમ દરમ્યાન રૂા. ૧૫૦/- દર મહીને તાલીમવૃત્તિકા (સ્ટાઇપેન્ડ) રૂપે આપવામાં આવે છે. તાલીમબાદ લાભાર્થીને વણવાનું સાધન આપવામાં આવે છે. જો એક વર્ષ પહેલા શીખી જાય તો તેને નોકરીમાં રાખી લેવામાં આવે છે. દૈનિક રૂા. ૨૦/- આપવામાં આવે છે.

આ યોજનામાં સુરત જિલ્લાના સોનગઢ તાલુકાના વ્યારા પાસે આવેલ પનિયારી ગામમાં ચાલતા ગાલીચા કેન્દ્રના ૧૦ લાભાર્થીઓને અભ્યાસ માટે પસંદ કર્યા છે. આ લાભાર્થીઓ ગામીત અને ધોડિયા જાતિના છે. તેમની વય ૧૬ થી ૨૦ વર્ષની છે.

આ યોજનામાં લાભાર્થી બહેનોની સંખ્યા સારી એવી જોવા મળે છે. તેનું એક કારણ એ પણ છે કે તાલીમ બાદ તરત જ કામ મળી રહે છે. એટલે નિયમિત આવક શરૂ થઈ જાય છે. વળી આ માટે તેમણે કાચો માલ બનાવવાની કે તૈયાર થયેલો માલ બજારમાં વેચવા જવાની જવાબદારી નથી. તેથી તેઓ આ કામ સારી રીતે કરી આવક પ્રાપ્ત કરી શકે છે. વણવાનું ચોકસાઇપૂર્વકનું અને ઝીણવટભર્યું કામ કરે છે તેના બદલામાં પ્રમાણમાં તેમને રોજી ઓછી આપવામાં આવે છે. મોટેભાગે પનિયારીની આજુબાજુના ગામોમાંથી છોકરીઓ આવે છે. જરૂરિયાત હોવાથી છોકરીઓ ખંત અને ઉત્સાહથી કામમાં જોડાઇને જે કંઇ આવક મળે છે તેમાં સંતોષ માને છે. ક્યારેક નાની ઉંમરની છોકરીઓ અહીં કામે લાગી જતી હોય છે. પરિણામે આ છોકરીઓ ભણી શકતી નથી. આ કામના લીધે નાની બાળાઓનો અભ્યાસ અટકે છે પરંતુ આ પણ એક પ્રકારની તાલીમ છે કે જે તેમને પગભર થવામાં મદદરૂપ બને છે.

(૩) <u>પડીયા-પતરાળા તાલીમવર્ગ</u> :

આ યોજનામાં આદિવાસી બહેનોને પડીયા અને પતરાળા બનાવવાની તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ એક માસની હોય છે અને તે દરમ્યાન તાલીમાર્થીને રુા. ૨૫૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

આ યોજનામાં સોનગઢ તાલુકાના મીરકોટ ગામની લાભાર્થી બહેનોને અભ્યાસ માટે પસંદ કરી છે. આ બહેનો મુખ્યત્વે ગામીત, જાતિની છે. તેમની ઉંમર ૨૭ થી ૩૫ વર્ષની છે.

તાલીમ દરમ્યાન પડીયા અને પતરાળા બનાવવાનું બહેનો શીખી તો જાય છે પણ પછી આ તાલીમથી કોઈ ફાયદો થયેલો જણાયો નથી. કારણ પડીયા અને પતરાળા માટે કેસુડા અથવા ખાખરાના પાન વીણવા તેમને જંગલમાં દૂર દૂર સુધી જવું પડે છે. આ પાન પણ અમુક ઋતુમાં જ મળી શકે છે. વળી તૈયાર થયેલા પડીયા પતરાળાને વેચવા માટે બજાર હંમેશા મળવું મુશ્કેલ છે. લગ્નની મોસમ હોય ત્યારે વેચાણ સારુ થાય છે. બાકી કાયમ આવી વસ્તુનું વેચાણ થતું નથી. માલ ન વેચાય તો કમાણી કયાંથી થાય ?

આ યોજના હેઠળ તાલીમ લીધેલી બહેનો અત્યારે બેકાર બેઠી છે. અત્યારે કોઈ કામ નથી. આ યોજનાથી કોઈ લાભાર્થીને ખાસ કંઈ લાભ થયેલો જણાતો નથી.

(૪) <u>દૂધાળા ઢોર (ભેંસ)ની યોજના</u> :

આ યોજના પ્રાયોજના કચેરી દ્વારા ચલાવવામાં આવે છે. આ યોજનામાં આદિવાસી મહિલાઓને દૂધાળાં ઢોર માટે લોન આપવામાં આવે છે.

આ યોજનામાં પંચમહાલ જિલ્લાના દાહોદ તાલુકાના જેકોટ ગામની લાભાર્થી ૧૦ બહેનોને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી છે. આ બહેનો ભીલ જાતિની છે. તેમની ઉંમર ૨૫ થી ૪૫ વર્ષની છે.

આ યોજના મુજબ દૂધ મંડળીમાં સભ્ય બનનાર મહિલાને ભેંસ માટે સરકાર તરફથી રૂા. ૫,૨૦૦/- લોન રૂપે આપવામાં આવે છે. જેકોટ ગામમાં મહિલા સહકારી મંડળી દ્વારા આ યોજનાની કાર્યવાહી થાય છે. અને મંડળીમાં સભ્ય થયેલ મહિલાને ભેંસ આપવામાં આવે છે. તેના પૈસા સરકાર તરફથી લોન રૂપે આપવામાં આવે છે. ભેંસનું દૂધ મંડળીમાં જમા કરાવે છે તેમાંથી તેના લોનના પૈસા ભરપાઈ કરવામાં આવે છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન મહિલા લાભાર્થીઓની મુલાકાત લેતાં જાણવા મળ્યું છે કે મંડળીની કાર્યવાહી બરાબર ચાલતી નથી. વહીવટી ગેર - વ્યવસ્થાને કારણે લાભાર્થીઓને લાભને બદલે નુકશાન થયાનું જણાયુ છે. આ મંડળી દ્વારા જે ભેંસ આપવામાં આવે છે તે બરાબર નથી હોતી. બીજા પ્રદેશની ભેંસ હોવાથી આ પ્રદેશમાં તેને ફાવતું નથી. તેથી દૂધ પુરતું આપતી નથી. અને બિમાર પડે છે. આ માટે ગામમાં ડોકટરની કોઈ વ્યવસ્થા નથી. ડોકટરને બોલાવવા બહારગામ જવું પડે છે. તેમાં સમય જાય છે અને ડોકટરને લાવવાનો ખર્ચો થાય છે. કયારેક ડોકટર પણ સમયસર પહોંચી શકતા નથી. પરિણામે ભેંસ મરી પણ જાય છે. તેથી લાભાર્થીને દેવું વધી જાય છે અને ભેંસ માથે પડે છે એમ તેમનું કહેવું છે. આ મંડળીનો વહીવટ સરપંચની પત્ની મંત્રી તરીકે સંભાળે છે. સભ્યોને દૂધનો હિસાબ તેઓ બતાવતા નથી તેવી લોકોની ફરિયાદ છે.

ટૂંકમાં, આ યોજના નિષ્ફળ ગઈ છે. ભેંસ લેવાથી દૂધ વધારે મળ્યું નથી. આર્થિક દ્રષ્ટિએ લાભાર્થીઓને કોઈ ફાયદો જણાયો નથી, આ અંગે લોકોનું કહેવું છે કે અમારા પ્રદેશમાં ચાલે તેવી ભેંસ આપવામાં આવે તો જરૂર દૂધ વધારે મેળવી શકાય અને આર્થિક દ્રષ્ટિએ ફાયદો થાય. જો કે આ લોકોને દૂધાળા ઢોરની યોજના અપાય છે તેની જોડે થોડી પશુપાલન અંગેની તાલીમ પણ આપવામાં આવે તો તેઓ યોગ્ય રીતે પશુઓની સંભાળ રાખે અને તો કદાચ દૂધનું ઉત્પાદન વધારી શકાય તો તેમને આર્થિક રીતે ફાયદો પણ મળી શકે.

આમ ઉપર મુજબની કેટલીક આદિવાસી મહિલા કલ્યાણ યોજનાઓનો અભ્યાસ કરી, શકય તેટલી માહિતી એકત્રિત કરવાનો પ્રયત્ન કર્યો છે. આમાંથી

કેટલીક યોજનાઓ ખરેખર આદિવાસી મહિલાઓની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે ઉપયોગી બની છે, કેટલીક ઉપયોગી નથી બની. પરંતુ હજુ આ અંગે થોડું અસરકારક પગલાં લઈ કામ કરવામાં આવે અને એ સાથે ફોલોઅપ પણ થાય તો આદિવાસી મહિલાઓનો આર્થિક વિકાસ ઘણી સારી રીતે થઈ શકે.

## પ્રકરણ - ૫

## નિષ્કર્ષ અને સુઝાવ

ગુજરાતમાં આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ વિકાસમાં પાછળ રહી ગયેલ અનુસૂચિત જનજાતિની મહિલાઓના ઉત્કર્ષ માટે સરકારે કેટલીક કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકી છે તેનું શું વળતર છે તે તપાસવાનો આ અભ્યાસનો હેતુ હતો.

મૂલ્યાંકન અભ્યાસનો હેતુ, કાર્યક્ષેત્ર, અભ્યાસની પધ્ધતિઓ, મૂલ્યાંકનમાં આવરી લીધેલા કુટુંબોની આર્થિક - સામાજિક પરિસ્થિતિ, કલ્યાણ યોજનાના લાભાર્થીઓની પરિસ્થિતિ તેમજ તેમની માહિતી વગેરે અંગે ઊંડાણપૂર્વક વિગતવાર છણાવટ શરૂઆતના પ્રકરણોમાં રજૂ કરવામાં આવી છે. પસંદ કરેલ લાભાર્થી બહેનોની મુલાકાત લઈ પ્રશ્નો પૂછીને માહિતી એકત્રિત કરવામાં આવી છે. મહિલા કલ્યાણ યોજનાઓને કારણે એકંદરે આદિવાસી સ્ત્રીઓની આર્થિક સ્થિતિ પહેલા કરતાં સુધરી છે. સુરત અને પંચમહાલ એ બંને જિલ્લાની લાભાર્થી બહેનોના અભ્યાસના અંતે એમ જણાયુ છે કે પંચમહાલ જિલ્લામાં ભીલ સેવા મંડળ જેવી સંસ્થાની કામગીરીને લીધે ત્યાંના આદિવાસીઓની સ્થિતિ સુધરી છે ખરી. છતાં હજુ ત્યાં ઘણા આદિવાસીઓની સ્થિતિ દયાજનક છે. જ્યારે સુરત જિલ્લાના આદિવાસીઓ પંચમહાલના આદિવાસીઓ કરતાં સરખામણીમાં વધારે સુખી જણાય છે. આર્થિક રીતે સધ્ધર અને શૈક્ષણિક રીતે આગળ છે. કદાચ આની પાછળ ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ કારણરૂપ હોઈ શકે. કારણ પંચમહાલ જિલ્લામાં વરસાદની અછત હોય છે. ક્યારેક દુષ્કાળની પરિસ્થિતિ પણ સર્જાય છે. જ્યારે સુરત જિલ્લામાં વરસાદ સારો પડે છે અને જમીન પણ સારી છે. એટલે ઉત્પાદન પણ સારું લઈ શકાય છે. પરિણામે લોકો સુખી જણાય છે. તેથી પંચમહાલના લોકો પછાત રહ્યા હોય અને સુરત જિલ્લાના લોકો પ્રગતિ કરી શક્યા હોય તેમ જણાય છે. આ પ્રદેશની સ્ત્રીઓ પણ પ્રમાણમાં આગળ છે.

મોડા મોડા પણ આદિવાસી મહિલાઓ માટે કલ્યાણ યોજનાઓ અમલમાં આવી એ એક પ્રસંશનીય અને આવકારદાયક પગલું છે. આ અભ્યાસના [illegible] તારણો નીકળ્યા છે તે નીચે મુજબ છે.

<u>સામાન્ય</u> :

(૧) કેટલાક ઊંડાણવાળા વિસ્તારોમાં મહિલાઓને પોતાને પણ ખબર નથી કે સરકારે તેમના માટે કઈ કઈ યોજનાઓ બનાવી છે.

(૨) કેટલીક મહિલાઓને બીજા દ્વારા માહિતી મળે તે અપૂરતી હોય અથવા તેની કાર્યવાહી માટે તેણે બીજા પર આધાર રાખવો પડે ત્યારે તે યોજનાનો પૂરો લાભ લઈ શકતી નથી.

(૩) કેટલીક મહિલાઓ પોતે જ નિષ્ક્રિય બની કંઈ કરતી જ નથી.

(૪) એક ખાસ ધ્યાન દોરે તેવી બાબત એ જાણવા મળી છે કે કોઈપણ યોજનાની તાલીમ પૂરી થયા બાદ ફોલોઅપ થતું નથી. તેથી લાભાર્થીઓની તાલીમ અધૂરી રહી હોય અથવા સાધન બરાબર ચાલતુ ન હોય તેમજ આ યોજનાઓને લગતી કોઈપણ મુશ્કેલી હોય તો કોને જણાવે કે શું કરે ? તે લાભાર્થીઓ માટે એક મહત્વનો પ્રશ્ન છે.

(૫) કયા વિસ્તારમાં કઈ યોજના જરૂરી છે અને અનુકૂળ છે તે વિચારીને યોજનાનો અમલ જે તે વિસ્તારમાં કરવામાં આવે છે કે કેમ તે એક વિચારવાનો પ્રશ્ન છે. કારણ વિચાર્યા વગર જો યોજનાનો અમલ કરવામાં આવે તો ક્યારેક યોજના નિષ્ફળ જવાનો સંભવ છે. દા.ત. સોનગઢમાં આરીજરી ભરતકામ તાલીમવર્ગ, પડીયા-પતરાળા તાલીમ વર્ગ.

(૬) આદિવાસી મહિલાઓ આમ તો ખૂબજ હિંમતવાળી હોય છે. જંગલોમાં એકલી ફરીને કામ કરી શકે છે. પરંતુ આર્થિકક્ષેત્રે તેમનામાં સાહસ ઓછું જોવા મળે છે !. તેઓ જાતે સાહસ ખેડીને જવાબદારીભર્યું કામ કરતા અચકાય છે. પરંતુ જો તેને તૈયાર કામ આપવામાં આવે તો તે સુંદર રીતે કામ કરે છે. જેમકે ઊની ગાલીચા કેન્દ્રમાં તેમને કાચો માલ મળે છે અને કામ કર્યા બાદ પૈસા રોજે રોજ મળી જાય છે. તેમણે તૈયાર કરેલા માલ માટે બજાર શોધવા જવાની ચિંતા કરવી પડતી નથી. આવક નિયમિત મળી જાય છે. તેથી તેઓ સારી રીતે કામ કરતા જણાય છે,

જ્યારે પડીયા – પતરાળાની યોજનાની તાલીમ બાદ તેમને કશુ કામ કે આવક મળતા નથી. કારણ આ માટે જંગલમાંથી તેમણે પાંદડા વીણવા જવું પડે છે. જે તેઓ કરી શકે તેમ નથી. વળી તૈયાર થયેલ માલ માટે બજાર પણ હંમેશા મળતુ ન હોવાથી આ કાર્ય તેઓ કરતા નથી. ક્ષેત્રકાર્ય દરમ્યાન યોજના વિષે આદિવાસી બહેનોને આ અંગે પૂછતાં જણાવ્યુ કે જો અમને કાચો માલ પુરો પાડવામાં આવે અને તૈયાર થયેલ માલ માટેના બજારની વ્યવસ્થા પણ કરવામાં આવે તો અમને કામ કરવાનું વધારે ગમે ! જેમકે રેડીમેઈડ કપડાં માટે કાપડ આપવામાં આવે અને પછી તૈયાર થયેલા કપડાં વેચવાની જવાબદારી લેવામાં આવે અને અમને ફક્ત અમે કરેલા સિલાઈ કામનું વળતર આપવામાં આવે તો અમને કામ કરવામાં વધારે અનુકૂળતા રહે. દા.ત. પાપડનું કામ વ્યારામાં ચાલે છે. આ પાપડ કેન્દ્રવાળા સવારે વ્યારાની આસપાસના ગામોમાં બહેનોને પાપડનો તૈયાર લોટ (બાંધેલો) પહોંચાડી દે છે. અને સાંજે તેમણે વણેલા પાપડ પાછા લઈ આવે છે તેમજ વણેલા પાપડની કિંમત પણ ચૂકવી દે છે. તેથી આ કામ ઘણી બહેનોને અનુકૂળ આવી ગયું છે. કારણ તેઓ બપોરે નવરાશના સમયમાં આ કાર્ય કરી પોતાની આવકમાં વધારો કરી શકે છે. અને કાચા માલ કે બજારની વ્યવસ્થાની ઝંઝટમાં પડવું નથી પડતું.

(૭) ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે મહિલા કલ્યાણ યોજના અંગેની જાણકારી લોકોને મોટેભાગે ગામના સરપંચ, શાળાના શિક્ષકો અને કેટલીક જગ્યાએ પાડોશીઓ કે બહેનપણીઓ તેમજ સગાંઓ દ્વારા મળી છે.

(૮) સરકારી અધિકારીઓ અથવા સરપંચોને મહિલાઓના વિકાસમાં રસ છે પણ તે માત્ર આંકડાઓ બતાવવા પૂરતો જ જણાય છે. અમુક યોજ-નામાં અમુક સંખ્યામાં બહેનોએ લાભ લીધો અને તેની પાછળ સરકારે અમુક રકમ ખર્ચી એવું આંકડામાં બતાવવામાં જ તેમને રસ હોય છે તેવું જણાય છે. અને ખરેખર મહિલા વિકાસ માટે કામ બહુ ઓછું થાય છે. ઉપરછલ્લું થાય છે, વાતો મોટી મોટી કરવામાં આવે છે પણ વ્યવહારમાં ઓછું મૂકાય છે. આ અંગે જો થોડી કાળજી લેવામાં આવે અને થોડું ભાવનાથી કામ કરવામાં આવે તો આદિવાસી બહેનોનો સારો વિકાસ શક્ય બને.

**શિક્ષણ :**

(૧) આદિવાસી મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણુ જ ઓછું છે.

(૨) શિક્ષિત અને જાગૃત મહિલાઓએ આ મહિલા કલ્યાણ યોજનાઓનો પૂરેપૂરો લાભ લીધો છે અને તેનું પરિણામ પણ ખરેખર સારું આવ્યું છે. તેમની આર્થિક સ્થિતિ સુધરી છે.

(૩) કેટલીક યોજનામાં તાલીમનો સમયગાળો ઓછો પડે છે તેવું લાભાર્થીઓનું કહેવું છે. જેમકે શિવણ તાલીમ વર્ગમાં છ માસમાં તેઓ ગ્રાફ, કટિંગ, સિલાઈકામ વગેરે બધું જ શીખી શકતા નથી.

(૪) ઊની ગાલીચામાં નાની ઉંમરની બાળાઓ કામ કરે છે તેથી તેમનો અભ્યાસ અટકે છે.

(૫) કેટલાક લાભાર્થીઓના સાધન બરાબર નથી ચાલતા. તો શકય હોય તો સાધન અંગે થોડી પ્રાથમિક કેળવણી આપી શકાય તો સાધન ચલાવવામાં સરળતા રહે.

**આર્થિક :**

(૧) આદિવાસીઓની આર્થિક સ્થિતિ ખુબજ નબળી હોવાથી તેમણે અને ખાસ કરીને સ્ત્રીઓએ આખો દિવસ સખત મજૂરી કરવી પડે છે.

(૨) આદિવાસી મહિલા કલ્યાણ યોજનાઓને કારણે આવક વધવાથી તેમને પેટ પૂરતું ખાવાનું તેમજ અન્ય જરૂરયાતો સંતોષાય છે.

(૩) કેટલાક લાભાર્થીઓની આવક વધવાથી પોતાના કુટુંબના ખોરાક, કપડાં, શિક્ષણ જેવી પ્રાથમિક જરૂરયાતો સંતોષાવા ઉપરાંત મોજશોખની વસ્તુઓની ખરીદીમાં તેમજ લગ્ન-મરણ જેવા સામાજિક પ્રસંગોએ ઘણી રાહત રહે છે. દા.ત. ઊની ગાલીચામાં કામ કરતી બહેનો પોતાની આવકમાંથી પૈસા બચાવી પોતાના લગ્ન પ્રસંગે મા-બાપને ટેકો આપે છે.

(૪) આ કલ્યાણ યોજનાઓથી અગાઉ જણાવ્યું તે મુજબ જીવન જરૂરયાત સુખસગવડ, મોજશોખ અને થોડા અંશે શિક્ષણ વધ્યા છે. પરંતુ હજુ પણ

શિક્ષણ અને અન્ય બાબતોમાં જોઈએ તેટલું સારું પરિણામ આવ્યું નથી. તેમનામાં મૂળભૂત રીતે શિક્ષણ અને અન્ય જાણકારી ના અભાવને કારણે તેમના વિકાસમાં મદદરૂપ થતાં અધિકારીઓ તેમજ યોજનાના સંચાલકો તેમનું શોષણ તો કરે જ છે. છતાં, થોડાઘણા અંશે તેમના વિકાસનું કાર્ય તો જરૂર કરે જ છે.

(૫) કલ્યાણ યોજનાને કારણે લાભાર્થીઓની આર્થિક સ્થિતિ સુધરી હોવા છતાં તેમને મળેલી સહાયનું બાકીનું ભરણું નહી ભરવાની વૃત્તિ જોવા મળે છે. તેમાં ખાસ કરીને આર્થિક સ્થિતિ ખરાબ છે.તે બહાના હેઠળ વાત ટાળવા પ્રયત્ન કરે છે. સરકાર તેમનું લેણું માફ કરશે તેવી આશા તેઓ રાખે છે.

(૬) કેટલાક લાભાર્થીઓ પોતાને જેના માટે સહાય મળી હોય તેમાં ન વાપરે પણ ઘરખર્ચ કે સામાજિક પ્રસંગો અથવા બિમારી પાછળ વાપરી નાખે છે તેવું દેખાય છે.

(૬) દૂધાળા ઢોર માટેની યોજનામાં જ્યાં મંડળી વ્યવસ્થિત ચાલે છે ત્યાં તો ઢોર લાવ્યા પછી ધિરાણ ગેરમાર્ગે વાપરવાની શકયતા રહેતી નથી. દૈનિક ઉત્પાદનમાંથી આવક શરૂ થઈ જાય છે. અને માસિક આવકમાંથી ધિરાણ કપાત થાય એટલે વસુલાત પણ થાય છે. પરંતુ જ્યાં મંડળી બરાબર કામ નથી કરતી ત્યાં ધિરાણ વસુલ કરવામાં મુશ્કેલી પડે છે. મંડળીના વહીવટમાં ખામી હોવાને લીધે સમસ્યા ઊભી થાય છે. દા.ત. પંચમહાલ જિલ્લાના જેકોટ ગામમાં ભેંસ માટેની યોજના છે, પરંતુ મોટાભાગના લાભાર્થીઓની ભેંસો તેને યોગ્ય વાતાવરણ અને ઘાસચારો ન મળવાથી બિમાર રહે છે. અને દૂધ ઓછું આપે છે. કયારેક તો ભેંસ મૃત્યુ પણ પામે છે. તેના માટે ડોકટરની સારવાર પણ તાત્કાલિક મળતી નથી. એવી તેમની ફરિયાદ છે, વળી, આ મંડળીનો વહીવટ પણ બરાબર ચાલતો નથી. આવા બધા કારણોને લીધે આ યોજના પ્રથમ દ્રષ્ટિએ બીનઉપયોગી જણાય છે. પરંતુ જો તે અંગે કેટલીક કાળજી લેવાય તો ઘણી જ ઉપયોગી બની શકે. લાભાર્થીઓનું પશુપાલન અંગેનું અજ્ઞાન, વૈજ્ઞાનિક પધ્ધતિનો અભાવ, આર્થિક મુશ્કેલીઓ, લીલા ઘાસચારાનો અભાવ

...કારણોને લીધે પૂરતું દૂધ ન મળે તેથી આવકમાં વધારો થઈ શકે નહિ તે સ્વાભાવિક છે. જો આ અંગે પૂરતી કાળજી લેવાય તો દૂધનું ઉત્પાદન વધારે લઈ શકાય અને તો આર્થિક દ્રષ્ટિએ લાભ મળી શકે.

આમ ઉપર મુજબ કેટલાક તારણો જણાયા છે. ટૂંકમાં આદિવાસી ...ઓ માટેની કલ્યાણ યોજનાઓ તેમના વિકાસ માટે ઘણી ઉપયોગી ... તેના આયોજન અને અમલીકરણમાં થોડી કાળજી અને ચીવટ રાખવામાં ...ો સાથે સાથે ફોલોઅપનું કામ પણ થાય તો આ યોજનાઓ પાછળ ...સરકારનો ખર્ચો લેખે લાગે અને આદિવાસી સ્ત્રીઓનો વિકાસ પણ થઈ ... તેમજ આ યોજના પાછળનો હેતુ સિધ્ધ થઈ શકે. આદિવાસી સ્ત્રીઓ આર્થિક રીતે પગભર થાય તે માટે થોડી કામગીરી થઈ છે પરંતુ તેની આવકમાં ખાસ નોંધપાત્ર વધારો થયો હોય તેમ જણાયુ નથી. આ મહિલાઓ વિવિધ કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમોનો વધારે પ્રમાણમાં લાભ ઉઠાવે અને સભાન બને અને વિકસિત બિનઆદિવાસી સમાજના સંદર્ભમાં સમાન સ્તરે પોતાનું જીવન ગૌરવભેર જીવે તે માટે પ્રયત્નો અને આયોજન કરવાની ખાસ ભલામણ છે.

<u>કેટલાક મહત્વના સુઝાવો :</u>

(૧) બહેનોને આર્થિક રીતે ઉપયોગી થાય તેવી યોજનાઓ વધારવી.

(૨) તાલીમનો ગાળો લંબાવવો.

...) ફોલોઅપ કરવું.

... બહેનો નવરાશના સમયમાં આર્થિક ઉપાર્જન કરી શકે તે રીતે યોજનાનું આયોજન કરવું.

... ...નો, ચિત્રો, શિબિરો, વિડીયો ફિલ્મ વગેરે દ્વારા બહેનોને ...ોને તેમના માટેની કલ્યાણ યોજનાઓની જાણકારી આપવાની ...વ્યવસ્થા કરવી.

... ...ૌતિક વાતાવરણ અને સામાજિક તેમજ આર્થિક રીતે અનુકૂળ અને ...જરૂરી હોય તેવી યોજનાઓ બનાવવી.

(૭) ઊની ગાલીચા જેવા કામમાં રોકાયેલી બહેનો માટે તેમના નવરાશના સમયે દરમ્યાન શિક્ષણ મળે તે માટે યોગ્ય પગલા લેવા.

(૮) આદિવાસી બહેનોમાં શિક્ષણ વધે તે માટે પ્રોત્સાહિત કરવી તેમજ તે માટે જરૂરી સહાય આપવી.

(૯) બહેનો પોતાનું ઘર સંભાળતા તેમજ બાળકો સંભાળતા ઘરે બેસીને નવરાશના સમયમાં કોઈ હુન્નર ઉદ્યોગ દ્વારા આવક પ્રાપ્ત કરી શકે તેવી યોજનાઓ વધારે બનાવવી.

(૧૦) લાભાર્થીઓને બને ત્યાં સુધી રોકડ કરતા વસ્તુ આપવી જેથી અન્ય જગ્યાએ નાણાં વપરાય નહિ.

(૧૧) દૂધાળા ઢોર જેવી યોજનાઓમાં પશુપાલન તેમજ એને લગતી બાબતો અંગે મહિલાઓને વૈજ્ઞાનિક તાલીમ તેમજ જાણકારી મળે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવી.